# The DIET LETTER

અંક : ૫ વર્ષ : પ્રથમ માસ : ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ-૨૦૦૮-૦૯



**તંત્રી :**
એન.એ.હરિયાણી
પ્રાચાર્ય,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
રાજકોટ

**સહ તંત્રી :**
વી.વી.સુરેલિયા
વ્યાખ્યાતાશ્રી,
આઈ.એફ.આઈ.સી.શાખા,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
રાજકોટ

**સહયોગ :**
વ્યાખ્યાતાશ્રીઓ, તમામ,
તમામ શાખાઓ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
રાજકોટ.

**પત્ર વ્યવહારનું સરનામું :**
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ત્રિકોણ બાગ પાસે,
જવાહર રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
Email : diet_rajkot@yahoo.co.in
Web : dietrajkot.org


***Basic education links the children, whether of the cities or villages, to all that is best and lasting in India.***

***The object of basic education is the physical, intellectual and moral development of children though the medium of a handicraft.***

❖ GANDHIJI

*Every truth has four corners: as a teacher I give you one corner, and it is for you to find the other three.*

• Confucius

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટનાં તમામ શાખાનાં વ્યાખ્યાતાશ્રીઓને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર દ્વારા સંશોધન માટે અનુદાન આપવામાં આવે છે. વ્યાખ્યાતાશ્રીઓ દ્વારા પીટીસી કોલેજના તાલીમાર્થીઓ પર, ગ્રામ્ય અને શહેરી વિસ્તારીની પ્રાથમિક શાળાઓ પર લધુ સંશોધન રજુ કરેલ છે. આ સંશોધનનાં તારણો અને ભલામણો શિક્ષણની ગુણવત્તા સુધાર માટે આપને ઉપયોગી થશે તેવી આશા છે.

સર્વ શિક્ષા અભિયાન મિશન અને ડાયેટ્સ દ્વારા આપવામાં આવેલ આઠ દિવસીય શિક્ષક તાલીમ તથા તાલીમનાં મોડયુલ્સમાં આપવામાં આવેલ આયોજન અને સમયપત્રક મુજબ આપ સૌ શિક્ષકમિત્રો આપની શાળામાં કાર્ય કરતાં રહેશો, જેથી આપણે આપણા ધ્યેયો સત્વરે સિદ્ધ કરી શકીએ.

વર્ષ ૨૦૦૭-૦૮માં રાજકોટ જિલ્લાનાં તમામ તાલુકાઓમાં તથા રાજકોટ મહાનગર પાલિકાની શાળાઓમાં થયેલ શાળા ગુણવત્તા એવોર્ડ અંગેની કામગીરીમાં જે શાળાઓ શાળા ગુણવત્તા એવોર્ડ મેળવે છે, તે તમામ અભિનંદનને પાત્ર છે. વર્ષ ૨૦૦૮-૦૯થી શાળા ગુણવત્તા એવોર્ડની તાલુકા કોર ટીમ ઇચ્છે તો *સમયપત્રકમાં આપવામાં આવેલ માસ પહેલા* શાળા ગુણવત્તા એવોર્ડની કામગીરી કરી શકશે, તે માટે સમયપત્રકને અનુસરવાની જરૂર નથી. અન્યથા સમયપત્રકને અનુસરીને આપને ફાળવવામાં આવેલ માસમાં કામગીરી કરવાની રહે છે. શાળા ગુણવત્તા એવોર્ડ માટેના મૂલ્યાંકન પત્રકમાં પણ ચોથા વિભાગનાં ૪.૮ મુદ્દામાં પાંચમાં વિભાગનો ૫.૭ મુદ્દો રદ્ કરીને ૪.૮માં આમેજ કરેલ છે. રાજકોટ જિલ્લાની તમામ શાળાઓ ગુણવત્તાસભર બને તે માટે શુભેચ્છા પાઠવું છું.

***તંત્રીશ્રી, ડાયેટ-રાજકોટ.***

•

***''વિશ્વમાં એક પણ બાળક દુખિયારું હોય ત્યાં સુધી એકેય શોધ મહાન નથી કે એકેય પ્રગતિ અસાધારણ નથી.''***

• ***આલ્બર્ટ આઇનસ્ટાઇન***

રવાનગી કારકુન
જિ.શિ.તા.ભવન
ત્રિકોણ બાગ
રાજકોટ

**BOOK-POST O.I.G.S**

**પ્રતિ,**

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -
- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -
- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -
- -

**તાલુકો:. . . . . . . . . .જિ.રાજકોટ**

# રાજકોટ જિલ્લાના શિક્ષકોના વિજ્ઞાનમેળા અંગેના અભિપ્રાયોનો અભ્યાસ.

***સંશોધક : શ્રી યુ.સી.મહેતા,*** *વ્યાખ્યાતા, પી.એસ.ટી.ઇ.શાખા, ડાયેટ-રાજકોટ*

**પ્રસ્તાવના :**

જિલ્લા કક્ષાએ યોજાતા વિજ્ઞાન/ગણિત પ્રદર્શનમાં આયોજન, અમલીકરણ, વ્યવસ્થા અંગે તેમજ ભાગ લેવા સંદર્ભે શિક્ષકોને પડતી મુશ્કેલીનો અભ્યાસ કરવા અંગે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ.

**હેતુઓ :**

- રાજકોટ જિલ્લાના પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કક્ષાના શિક્ષકોના જિલ્લા કક્ષાએ યોજાતા વિજ્ઞાનમેળા અંગેના અભિપ્રાયો જાણવા.

**વ્યાપવિશ્વ અને નમૂનો :**

જિલ્લા કક્ષાએ યોજાયેલ વિજ્ઞાનમેળામાં આવેલ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કક્ષાના રાજ્યના તમામ જિલ્લાના તમામ શિક્ષકોને વ્યાપ વિશ્વ તરીકે ઓળખવામાં આવેલ.

**ઉપકરણ :**

શિક્ષકોના અભિપ્રાય જાણવા માટે બાવીસ કલમની દ્વિબિંદુ સ્કેલ અભિપ્રાયાવલીની રચના કરવામાં આવેલ.

**પધ્ધતિ :**

પ્રસ્તુત સંશોધન માટે સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરેલ.

**માહિતી વિશ્લેષણ :**

પ્રાપ્ત માહિતીને ગોઠવી તેના માટે કાઇ વર્ગ મૂલ્ય શોધી તેના આધારે માહિતીનુ વિશ્લેષણ કરવામાં આવેલ.

**તારણો :**

૧. શિક્ષકો વિજ્ઞાન પ્રદર્શનની પ્રવૃતિમાં રસપૂર્વક ભાગ લે છે.
૨. સી.આર.સી./સંકુલ કક્ષાએ યોજાતા વિજ્ઞાન પ્રદર્શન માટે અનુદાનની રકમ પૂરતી નથી.
૩. શાળા કક્ષાએથી જ આવા વિજ્ઞાન/ગણિત પ્રદર્શનનું આયોજન થવું જોઇએ.
૪. સી.આર.સી./સંકુલ કક્ષાએ બધી જ શાળાઓ ફરજિયાત ભાગ લે તેવું થવુ જોઇએ.
૫. જિલ્લામાં કાર્યરત પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રો દ્વારા કૃતિ અંગે માર્ગદર્શન મળતું નથી.
૬. જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શન વચ્ચે તૈયારીનો સમયગાળો મળી રહે છે.
૭. જિલ્લા કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શનમાં પૂરતી ભૌતિક સગવડ મળી રહે છે.
૮. નિર્ણાયકો તટસ્થ રીતે મૂલ્યાંકન કરે છે.
૯. શિક્ષકોને નિર્ણાયક દ્વારા કરવામાં આવતા મૂલ્યાંકન પત્રકની સમજ હોતી નથી.
૧૦. શિક્ષકો પોતાની કૃતિની પસંદગી માટે ઉત્સુક હોય છે.
૧૧. કૃતિ પસંદગી માટે હરિફાઇનું તત્વ દૂર થવાથી શિક્ષક/વિદ્યાર્થી પક્ષે આનંદ રહે છે.
૧૨. શિક્ષકો કૃતિ ''થીમ'' મુજબ બનાવે છે.
૧૩. વિજ્ઞાન પ્રદર્શનમાં આવનાર વિદ્યાર્થી સંપૂર્ણ તૈયારી સાથે આવે છે.
૧૪. વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક રીતે વિચારતા થાય છે.
૧૫. દર વર્ષે યોજાતા વિજ્ઞાન મેળામાં કૃતિમાં નાવિન્યતા જોવા મળે છે.
૧૬. વિદ્યાર્થીઓને આવા પ્રદર્શન દ્વારા અભિવ્યકિતની તક મળે છે.
૧૭. જિલ્લા કક્ષાએ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓને કૃતિ નિહાળવાની પૂરતી તક મળે છે.
૧૮. વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને ટેકનોલોજીનો વ્યવહારુ ઉપયોગ જાણે છે.
૧૯. વિજ્ઞાન/ગણિત પ્રદર્શનમાં જુની કૃતિઓનું પુનરાવર્તન થતું નથી.
૨૦. વિદ્યાર્થીઓ અને શિક્ષકના જ્ઞાનમાં વૃધ્ધિ થાય છે.
૨૧. જિલ્લા વિજ્ઞાન પ્રદર્શનમાં રાત્રિ કાર્યક્રમ જ્ઞાનવર્ધક છે.
૨૨. વિજ્ઞાન પ્રદર્શન નિહાળવા આવતા વિદ્યાર્થીને કૃતિ અંગે યોગ્ય સમજ આપવામાં આવતી નથી.

**શારીરિક અગવડનાં સામાન્ય સ્રોત**

- સ્કુલે પહોંચવાને માટે નાનાં બાળકોનું દૂર સુધી પગે ચાલતા જવું.
- સ્કુલનાં ભારે દફતરો.
- વાંચતા-લખવા માટે સહાયક ચોપડીઓની સાથે બુનિયાદી ભૌતિક સંસાધનોની ઉણપ.
- ખરાબ રીતે તૈયાર થયેલ ફર્નિચર જે બાળકોની પીઠને બરાબર ટેકો આપતું નથી અને તેઓને તેમના પગ સંકોચીને બેસવું પડે છે.
- એવું સમયપત્રક જે બાળકોને ભણતરની વચ્ચે પર્યાપ્ત ફુરસદ આપતું નથી, જેથી બાળકો રમી શકે અને કેટલાંક મોટા બાળકોને તો એમના રમતગમતના સમયથી વંચિત રાખે છે કે પછી છોકરીઓને ભણવાનું છોડી દેવા મજબુર કરે છે.

*(રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા)*

# ધોરણ ૪ ના બાળકોને ગણિત વિષયમાં ભાગાકારમાં પડતી મૂશ્કેલીઓનો અભ્યાસ.

*સંશોધક : શ્રી એ. ટી. પટેલ, વ્યાખ્યાતા, પી.એસ.ટી.ઇ.શાખા, ડાયેટ-રાજકોટ*

**પ્રસ્તાવના :**

જી.સી.ઇ.આર.ટી.ગાંધીનગર દ્વારા અનુદાનિત સંશોધન અન્વયે ડાયેટ- રાજકોટ દ્વારા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. કોઇપણ સમસ્યાનો વૈજ્ઞાનિક રીતે ઉકેલ મેળવવા અને કાર્ય સુધારણા માટે ક્રિયાત્મક સંશોધન એ એક સાધનરૂપ છે. પોતાના કાર્યના વણઉકેલ્યા પ્રશ્નોનાં ઉકેલ મેળવવા અને પોતાના કાર્યને વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ હાથ ધરી સમસ્યાનો ઉકેલ મેળવવા પ્રયત્ન કરે છે. આજે શાળામાં બાળકો દરેક વિયમાં રસ લઇ સફળતા મેળવે તે જરૂરી છે. શાળામાં બાળકોનું અવલોકન કરતાં ખ્યાલ આવ્યો કે તેઓ ગણિત વિષયમાં ભાગાકારમાં ભૂલ કરે છે. આથી બાળકની વય કક્ષાને ધ્યાનમાં રાખીને યોગ્ય પધ્ધતિનો ઉપયોગ થવો જોઇએ. આ વિચાર સંશોધકને સંશોધનકાર્ય કરવા પ્રેરે છે.

**હેતુઓ :**

- ધોરણ-૪ના વિદ્યાર્થીઓમાં સરવાળા- બાદબાકીની સમજ વિકસાવી શકાય.
- ધોરણ-૪ના વિદ્યાર્થીઓમાં ભાગાકારની સમજ વિકસાવી શકાય.
- ધોરણ-૪ના વિદ્યાર્થીઓમાં ગુણાકારની સમજ વિકસાવી શકાય.
- ધોરણ-૪ના વિદ્યાર્થીઓને ઘડિયા કંઠસ્થ કરાવી શકાય.

**ઉપકરણ :**

સમસ્યાના હેતુઓની ચકાસણી અર્થે ઉપકરણએ અનિવાર્ય સાધન છે. આથી સંશોધકે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ધોરણ-૪ ગણિત માંથી ભાગાકાર એકમ માંથી ૨૫ ગુણની બે કસોટી તૈયાર કરી તેને તજ્જ્ઞોના અભિપ્રાય પ્રમાણે પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી તરીકે આ ઉપકરણની રચના કરવામા આવેલ.

**વ્યાપવિશ્વ અને નમૂનો :**

યાદચ્છિક રીતે નમૂના પસંદગી કરવામાં આવી હતી. વ્યાપવિશ્વ તરીકે રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ભંડારિયા પ્રાથમિક શાળાની પસંદગી કરવામાં આવી. જેમાં કુમાર શાળાના ધોરણ-૪ના ૫૫ કુમાર તેમજ કન્યા શાળાની ધોરણ-૪ની કન્યાઓને લક્ષિતજૂથમાં સમાવિષ્ટ કરવામાં આવેલ.

**માહિતી વિશ્લેષણ :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા વિદ્યાર્થીઓને અપાયેલ પૂર્વ કસોટી અઅને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકને વિવિધ ચલોને અનુલક્ષીને સરવાળો કરવામાં આવેલ ત્યારબાદ પૂર્વ કસોટી અઅને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકનું અંક શાસ્ત્રીય પધ્ધતિ પ્રમાણે સરાસરી, પ્રમાણ વિચલન અને ટી મૂલ્યની સાર્થકતા શોધવામાં આવી છે.

**તારણો :**

૧. ધોરણ-૪ના ભાગાકાર એકમનાં અભ્યાસમાં કુમાર વિદ્યાર્થીઓને ભાગાકારના દાખલા ગણવામાં પડતી તકલીફ અંગેની પૂર્વકસોટી કરતા ઉતર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વધુ જોવા મળે છે. શૈક્ષણિક પદ્ધતિ અને વિવિધ શૈક્ષણિક સાધનોના ઉપયોગ તેમજ ઘડિયાગાનથી ભાગાકારની ગણતરીમાં તકલીફ પડતી ઘટતી જોવા મળે છે.

૨. ધોરણ-૪ના ભાગાકાર એકમનાં અભ્યાસમાં કન્યા વિદ્યાર્થીનીઓને ભાગાકારના દાખલા ગણવામાં પડતી તકલીફ અંગેની પૂર્વકસોટી કરતા ઉતર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વધુ જોવા મળે છે. શૈક્ષણિક પદ્ધતિ અને વિવિધ શૈક્ષણિક સાધનોના ઉપયોગ તેમજ ઘડિયાગાનથી ભાગાકારની ગણતરીમાં તકલીફ પડતી જોવા મળે છે.

૩. ધોરણ-૪ના ભાગાકાર એકમનાં અભ્યાસમાં બિનઅનામત કુમાર વિદ્યાર્થીઓને ભાગાકારના દાખલા ગણવામાં પડતી તકલીફ અંગેની પૂર્વકસોટી કરતા ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકની સરાસરી વધુ જોવા મળે છે. શૈક્ષણિક પધ્ધતિ અને વિવિધ શૈક્ષણિક સાધનોના ઉપયોગ તેમજ ઘડિયાગાનથી ભાગાકારની ગણતરીમાં તકલીફ ઘટતી જોવા મળે છે.

૪. ધોરણ-૪ના ભાગાકાર એકમનાં અભ્યાસમાં બિનઅનામત કન્યા વિદ્યાર્થીનીઓને ભાગાકારના દાખલા ગણવામાં પડતી તકલીફ અંગેની પૂર્વકસોટી કરતાં ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકની સરાસરી વધુ જોવા મળે છે. શૈક્ષણિક પધ્ધતિ અને વિવિધ શૈક્ષણિક સાધનોના ઉપયોગ તેમજ ઘડિયાગાનથી ભાગાકારની ગણતરીમાં તકલીફ ઘટતી જોવા મળે છે.

૫. ધોરણ-૪ના ભાગાકાર એકમનાં અભ્યાસમાં પછાત વર્ગનાં કુમાર વિદ્યાર્થીઓને ભાગાકારનાં દાખલા ગણવામાં પડતી તકલીફ અંગેની પૂર્વકસોટી કરતાં ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકની સરાસરી વધુ જોવા મળે છે. શૈક્ષણિક પધ્ધતિ અને વિવિધ શૈક્ષણિક સાધનોના ઉપયોગ તેમજ ઘડિયાગાનથી ભાગાકારની ગણતરીમાં તકલીફ ઘટતી જોવા મળેલ છે.

૬. ધોરણ-૪ના ભાગાકાર એકમનાં અભ્યાસમાં પછાત વર્ગના કન્યા વિદ્યાર્થીનીઓને ભાગાકારના દાખલા ગણવામાં પડતી તકલીફ અંગેની પૂવકસોટી કરતાં ઉત્તર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વધુ જોવા મળે છે. શૈક્ષણિક પધ્ધતિ અને વિવિધ શૈક્ષણિક સાધનોના ઉપયોગ તેમજ ઘડિયાગાનથી ભાગાકારની ગણતરીમાં તકલીફ ઘટતી જોવા મળે છે.

**શૈક્ષણિક ભલામણો :**

ધોરણ-૪ ના ગણિત વિષયમાં ભાગાકાર એકમમાં ભાગાકારની ગણતરીમાં તકલીફ અનુભવતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધન સામગ્રી, ચાર્ટ, મૂર્ત સાધનો અને શૈક્ષણિક પધ્ધતિ, ઘડિયાગાન જેવી પ્રવૃત્તિ અને સાધનોનાં ઉપયોગથી અધ્યયન કાર્ય કરાવતા રહેવું જોઇએ.

# ધોરણ ૪ ના બાળકોને હિન્દી વિષયમાં પડતી મૂશ્કેલીઓનો અભ્યાસ.

*સંશોધક : શ્રી સી.એચ.મૈયડ, વ્યાખ્યાતા, પી.એસ.ટી.ઇ.શાખા, ડાયેટ-રાજકોટ*

**પ્રસ્તાવના :**

જી.સી.ઇ.આર.ટી.ગાંધીનગર દ્વારા અનુદાનિત સંશોધન અન્વયે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. ધોરણ-૪ના વિદ્યાર્થીઓ દ્વિતીય ભાષા તરીકે હિન્દી ભાષા શીખવાની શરૂઆત કરે છે ત્યારે શરૂઆતના તબક્કે વર્ણ, ઉચ્ચાર સંદર્ભે કેટલીક મુશ્કેલીઓ અનુભવવી પડે છે. જેને ધ્યાનમાં રાખીને આ સંશોધન હાથ ધરેલ છે. આ સંશોધનમાં ભાષાની પાયારૂપ બાબતોને કેન્દ્રમાં રાખી મુશ્કેલીઓનો ખ્યાલ મેળવવા પ્રયત્ન કરેલ છે.

**હેતુઓ :**

- હિન્દી વિષયમાં પડતી મુ(કેલીઓનો તેમજ માતૃભાષાની દ્વિતીય ભાષા પર અસરનો અભ્યાસ કરવો.
- ઉચ્ચાર તથા વાચન, લેખન સંબંધી ગતિ તેમજ ભૂલોનો અભ્યાસ કરવો.
- નૂતન પ્રવૃત્તિઓની અસરકારકતાનો અભ્યાસ કરવો.

**ઉપકરણ :**

પ્રસ્તુત અભ્યાસના નમૂનામાં સમાવિષ્ટ શાળાનાં કુમાર અનેકન્યાઓની સિધ્ધિ ક્ષમતાના માપન માટે પ્રયોજકે રચેલ પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો :**

યાદચ્છિક રીતે નમૂના પસંદગી કરવામાં આવી હતી. વ્યાપવિશ્વ તરીકે રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આધિયા પ્રાથમિક શાળાની પસંદગી કરવામાં આવી.

**માહિતી વિશ્લેષણ :**

પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકનું અંક શાસ્ત્રીય પધ્ધતિ પ્રમાણે સરાસરી, પ્રમાણ વિચલન અને ટી મૂલ્યની સાર્થકતા શોધવામાં આવી છે.

**તારણો :**

- વિદ્યાર્થીઓ સંયુકતાક્ષર વાચન અને લેખનમાં મુશ્કેલી અનુભવતાં હતાં.
- રાષ્ટ્રભાષા લેખનમાં માતૃભાષાની અસર જોવા મળતી હતી.
- ચ, છ, શ, ષ, સ, ટ, ત, ડ, દ નાં ઉચ્ચાર અને લેખનમાં ભૂલો જોવા મળેલ.

**શૈક્ષણિક ભલામણો :**

- શક્ય હોય ત્યાં સુધી રાષ્ટ્રભાષામાં જ વાત કરવી.
- ટી.એલ.એમ.નો ઉપયોગ કરવો.
- નિયમિતરૂપે અનુલેખન અને શ્રુતલેખન કરાવવું.
- માતૃભાષા તેમજ રાષ્ટ્રભાષાના સમાન ઉચ્ચારવાળા શબ્દો અંગે લેખન તફાવતની સમજ આપવી.

## મૂક બધીર બાળકનાં મનોબળને સલામ......

સંકલન : મનન બુધ્ધદેવ

આમ તો કુદરત સર્વન્યાયી જ હોય છે, પણ કયારેક તેના સર્જનમાં કદાચ કયાંક ખામી રહી ગઇ હોય તો તેના ઉપર થોડી વધારે મહેરબાન થઇ જાય છે. જિંદગીની સાથે કોઇને કોઇ રીતે બાથ ભીડતા વ્યકિતઓ ડગલે ને પગલે જોવા મળશે, પણ આજે વાત કરવી છે, એક એવા બાળકની જે કદાચ તનથી સામાન્ય માનવી જેવો નથી, પણ મનથી તો અસામાન્ય જે છે.

જી હા, દોસ્તો, વાત છે, રાજકોટનાં વાંકાનેર તાલુકાની નવી કલાવડી પ્રાથમિક શાળાનાં શેરસિયા અબ્દુલહમીદ હુશેનભાઇની, જેણે તાજેતરમાં જ મનોબળના બળે એક બળુકી સિદ્ધિ મેળવી છે. તારીખ ૪/૧/૨૦૦૮નો એ દિવસ આ બાળકને નજરે નિહાળનારા એક પણ આદમી ભૂલી નહી શકે. પ્રાથમિક શાળાનાં ધોરણ-૩માં ભણતા આ બાળકે રાજકોટ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા આયોજિત જિલ્લા કક્ષાના રમતોત્સવમાં લાંબીકૂદમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. અબ્દુલ હમીદે મેળવેલી આ સિદ્ધિ તેના વિકલાંગપણાને પડકારવા સક્ષમ છે. આ બાળક મૂક બધીર છે, પણ તેનું મનોબળ સામાન્ય બાળકને પણ શરમાવે તેવું છે.

આ તકે તેના માર્ગદર્શક શિક્ષકશ્રી મનિષભાઇ બારૈયાએ તેને લાંબીકૂદનાં તમામ નિયમો ઇશારાથી સમજાવ્યા હતાં. સી.આર.સી. અને તાલુકા કક્ષાએ અવ્વલ નંબર મેળવી તેણે જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે મેળવ્યો હતો.

જયારે આ બાળકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મેદાનમાં છલાંગ મારી ત્યારે થયું કે, આ બાળકે તેની ખામીઓને છલાંગ મારી પાછળ છોડી દીધી છે અને સફળતાનાં શિખર પર ઉતરાણ કર્યુ છે. આવા બાળકો આપણી આસપાસ ઘણાં હોય છે. માત્ર જરૂર છે, તેમને ઓળખવાની અને કાર્ય પ્રત્યે કટીબધ્ધતા રાખવાની.....

# પ્રાથમિક શાળા કક્ષાએ સંસ્કૃત વિષયના અધ્યાપનમાં શૈક્ષણિક સાધનની વિનિયોગિતાની અસરકારકતાનો અભ્યાસ

***સંશોધક : શ્રીમતી એમ.ડી.શુકલ,*** *વ્યાખ્યાતા, આઈ.સી.ટી.શાખા, ડાયેટ-રાજકોટ*

**પ્રસ્તાવના :**

શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા આધુનિક શૈક્ષણિક ટેક્નોલોજીનો વર્ગખંડ શિક્ષણમાં ઉપયોગ કરવો અનિવાર્ય છે. પ્રસ્તુત સંશોધનમાં ભાષાશિક્ષણમાં શૈક્ષશ્ણિક સાધનની અસરકારકતા જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**હેતુઓ :**

સંસ્કૃત વિષયના ગદ્ય વિભાગના પસંદિત એકમોના અધ્યાપન માટે વિકસાવેલા શૈક્ષણિક સાધનોના વિનિયોગની અસરકારકતા ચકાસવી.

**વ્યાપવિશ્વ અને નમૂનો :**

પ્રસ્તુત અભ્યાસના નમૂના તરીકે વાંકાનેર તાલુકાની સીંધાવદર તા.શાળા તથા લાલપુર પ્રાથમિક શાળાનાં ધોરણ-૬નાં વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ :**

પ્રસ્તુત અભ્યાસ દરમ્યાન ધો. ૬ના સંસ્કૃત વિષયના ગદ્ય વિભાગના પસંદિત એકમોના અધ્યાપન માટે શૈક્ષણિક સાધન તરીકે સંસ્કૃત ભારતી-ગુજરાત પ્રદેશ દ્વારા તૈયાર થયેલ (કોમ્પેક ડીસ્ક)નો વિનિયોગ કરી અધ્યાપન કાર્ય કરવામાં આવ્યું હતું.

**માહિતી વિશ્લેષણ :**

પ્રાયોગિક અને નિયંત્રિત જૂથો વચ્ચે એકમ કસોટીના ટી મૂલ્ય ૦.૦૫ તેમજ ૦.૦૧ કક્ષાએ મેળવવામાં આવ્યા.

**તારણો :**

- સંસ્કૃત વિષયના અધ્યાપનમાં રચેલ શૈક્ષણિક સાધનોના વિનિયોગથી થતું અધ્યાપન કાર્ય સામાન્ય વર્ગ શિક્ષણ પધ્ધતિની સાપેક્ષમાં અસરકારક પુરવાર થયું હતું.
- પ્રાથમિક શાળા કક્ષાએ ગદ્યવિભાગના અધ્યાપનમાં રચેલ શૈક્ષણિક સાધનો જેમાં સીડી દ્વારા થતું અધ્યાપન વધુ અસરકારક પુરવાર થયું હતું.
- વિદ્યાર્થીની શૈક્ષણિક સિધ્ધિ ઊંચી લાવવામાં શૈક્ષણિક સાધનોનો વિનિયોગ વધુ અસરકારક પુરવાર થયો હતો.

**શૈક્ષણિક ફલિતાર્થ :**

- શિક્ષકોએ શૈક્ષણિક સાધનો વિકસાવવા.
- નિષ્ણાંત તજજ્ઞોની મદદ લેવી.
- દ્રશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો.

## રાષ્ટ્રીય પાઠ્યચર્યાની રૂપરેખા

રાષ્ટ્રીય શિક્ષણ વ્યવસ્થા એક રાષ્ટ્રીય પાઠ્યચર્યા રૂપરેખા ઉપર આધારિત હશે, જેના અમુક સામાન્ય મૂળ ઘટક હશે, તેના અન્ય અનેક ઘટકો સાથે જે લચીલાં હોય. આ સામાન્ય મૂળ ઘટક હશે-ભારતના સ્વતંત્રતા આંદોલનનો ઇતિહાસ, સંવૈધાનિક દાયિત્વ તેમજ તે અન્ય તત્વ જે રાષ્ટ્રીય અસ્મિતાને પોષિત કરવા માટે આવશ્યક છે. આ તત્ત્વો વિભિન્ન વિષય ક્ષેત્રોમાં સમાવેશ કરવામાં આવશે અને તેમને એવી રીતે બનાવવામાં આવશે કે તે ભારતની એક સામાન્ય સાંસ્કૃતિક વિરાસત, સમતાવાદ, લોકતંત્ર, ધર્મનિરપેક્ષતા, સ્ત્રી-પુરુષમાં સમાનતા, પર્યાવરણની સુરક્ષા, સામાજિક અવરોધોનું નિવારણ, નાના કુટુંબના માનદંડનુ પાલન અને વૈજ્ઞાનિક સ્વભાવના પોષણ આદિને પ્રોત્સાહિત કરે. બધાં શૈક્ષણિક કાર્યક્રમ ધર્મ નિરપેક્ષ મૂલ્યોનું પૂરું પાલન કરશે. ભારતે હંમેશા શાંતિ અને રાષ્ટ્રો વચ્ચે પરસ્પર સમજ માટે કામ કર્યુ છે અને પૂરાં વિશ્વને એક જ પરિવાર જ માન્યો છે. આ પ્રાચિન પરંપરાને જાળવી શિક્ષણે આ જ દષ્ટિકોણને પુષ્ટ કરવાનો છે અને યુવા પેઢીને આંતરરાષ્ટ્રીય સહયોગ અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ માટે પ્રેરિત કરવી છે. આ પાસાને નકારી ન શકાય. સમતાની ભાવનાને પ્રોત્સાહિત કરવા માટે એ આવશ્યક હશે કે બધાને સમાન અવસર ઉપલબ્ધ કરાવવામાં આવે-પહોંચના સ્તરે જ નહીં પણ સફળતાની શરતોના ‘સ્તર ઉપર પણ સાથે જ મૂળ પાઠ્યચર્યાના માધ્યમથી બધાં મનુષ્યોમાં અંતર્નિહિત સમાનતાની જાગરૂકતા પણ પેદા કરવામાં આવશે. સામાજિક વાતાવરણ અને જન્મની પૃષ્ટભૂમિથી જનિત પૂર્વગ્રહો અને જટિલતાઓનું નિરાકરણ એ એનો ઉદ્દેશ્ય છે.

*(રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૧૯૮૬)*

# શાળા ગુણવત્તા ઍવૉર્ડ : ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯

## જુન-૦૭ થી ફેબ્રુઆરી-૦૮ માસમાં શાળા ગુણવત્તા ઍવૉર્ડ મેળવનાર શાળાઓ

**માહે : જુન-૨૦૦૭ થી ફેબ્રુઆરી-૨૦૦૮ જિલ્લો : રાજકોટ**

▪ ***વી.વી.સુરેલિયા***, *વ્યાખ્યાતા, આઇ.એફ.આઇ.સી.શાખા, ડાયેટ-રાજકોટ*

| ક્રમ | શાળા ગુણવત્તા ઍવૉર્ડ મેળવનાર શાળાનું નામ | શાળાના આચાર્યશ્રીનું નામ | સી.આર.સી. | તાલુકાનું નામ | માસ |
|---|---|---|---|---|---|
| ૧. | હડમતીયા પ્રા. શાળા, મુ. હડમતીયા, તા. રાજકોટ, જિ.રાજકોટ | શ્રી રતુભાઇ ચાવડા | કસ્તુરબાધામ તાલુકા શાળા | રાજકોટ | જુન-૦૭ |
| ૨. | રાણસીકી પ્રા.શાળા, મુ. રાણસીકી, તા. ગોંડલ, જિ.રાજકોટ | શ્રી ભવાનભાઇ કે. ભંડેરી | દેરડી(કુંભાજી) તાલુકા શાળા | ગોંડલ | જુન-૦૭ |
| ૩. | ચારણીયા પ્રા.શાળા, મુ. ચારણીયા, તા.જેતપુર, જિ.રાજકોટ | શ્રી પાધડાળ ગિરીશભાઇ એમ. | અમરનગર તા.શાળા | જેતપુર | જુલાઇ-૦૭ |
| ૪. | જમનાવડ પ્રા.શાળા, મુ.જમનાવડ, તા. ધોરાજી, જિ.રાજકોટ | શ્રી કોટડીયા જમનાદાસ વી. | મોટીમારડ | ધોરાજી | જુલાઇ-૦૭ |
| ૫. | અનીડા(વાછરા) પ્રા.શાળા, મુ.અનીડા(વાછરા), તા.કોટડા સાંગાણી | કિશોરભાઇ કાલરીયા | અનીડા(વાછરા) | કોટડા સાંગાણી | ઓગષ્ટ-૦૭ |
| ૬. | જુના ઘાટીલા તા. શાળા, મુ.ઘાટીલા, તા.માળિયા(મિં) | કેશુભાઇ વીડજા | જુના ઘાટીલા | માળિયા(મિં) | સપ્ટેમ્બર-૦૭ |
| ૭. | આંદરણા પ્રાથમિક શાળા, મુ.આંદરણા, તા.મોરબી | નારણભાઇ એસ.ભોરણીયા | નીચી માંડલ | મોરબી | નવેમ્બર-૦૭ |
| ૮. | રાતડીયા પ્રા.શાળા, મુ.રાતડીયા, તા.વાંકાનેર, જી.રાજકોટ | એમ.એ.સિપાઇ | મહિકા | વાંકાનેર | ડીસેમ્બર-૦૭ |
| ૯. | દડવી(કન્યા) પ્રા.શાળા, મુ.દડવી, તા.જામ કંડોરણા, જી.રાજકોટ | ભરતભાઇ પંડયા | સાતોદડ | જામ કંડોરણા | ડીસેમ્બર-૦૭ |
| ૧૦. | નાનાવડા પ્રા.શાળા, મુ.નાનાવડા, તા.પડધરી, જી.રાજકોટ | લીલા કમલેશભાઇ આર. | સુવાગ | પડધરી | જાન્યુઆરી-૦૮ |
| ૧૧. | ખીરસરા તા.શાળા, મુ.ખીરસરા, તા.લોધિકા, જી.રાજકોટ | ભરતભાઇ ભૂટક | ખીરસરા | લોધિકા | ફેબ્રુઆરી-૦૮ |
| ૧૨. | વિશ્વામિત્ર પ્રા.શાળા નં-૫૨, રઘુવીર સોસાયટી, સહકાર નગર મેઇન રોડ, રાજકોટ | શ્રી ચંદ્રીકાબેન એલ. ગોસાઇ | તા. શાળા નં-૬૧ | રાજકોટ(મહા) | ફેબ્રુઆરી-૦૮ |
| **એપ્રિલ-૦૮ માસમાં શાળા ગુણવત્તા ઍવૉર્ડ મેળવનાર શાળાઓ** | | | | | |
| ૧૩. | તલગણા પ્રાથમિક શાળા, મુ. તલગણા, તા. ઉપલેટા | વિઠ્ઠલભાઇ સોજીત્રા | સમઢીયાળા | ઉપલેટા | એપ્રિલ-૦૮ |
| ૧૪. | હડાળા પ્રાથમિક શાળા, મુ.હડાળા, તા. ટંકારા | પ્રવિણભાઇ સુવાગિયા | મિતાણા | ટંકારા | એપ્રિલ-૦૮ |
| ૧૫. | ડોડીયાળા પ્રાથમિક શાળા, મુ. ડોડીયાળા, તા. જસદણ | જેન્તીભાઇ ચાંગેલા | સાણથલી | જસદણ | એપ્રિલ-૦૮ |

*''ઘરમાં શિશુનું આગમન થાય ત્યારથી તે વીસ વરસ સુધી તે એટલો બધો ઘોંઘાટ મચાવે છે કે સહન પણ ન થઇ શકે. પછી પાંખો આવે ને એ ઊડી જાય ત્યારે ઘર એટલું તો શાંત બની જાય છે કે આપણને લાગે કે કયાંક ગાંડા થઇ જશું !''*

● *જે.એ.હોમ્સ*

**સરકારી પ્રાથમિક શાળાઓ માટે શાળા ગુણવત્તા ઍવોર્ડ યોજના માસવાર રાજકોટ જિલ્લાના તમામ તાલુકાઓ અને રાજકોટ મહાનગરપાલિકાના ઝોનને આપવાના થતાં ઍવોર્ડ વિતરણની માહિતી દર્શાવતું પત્રક :**

| ક્રમ | જૂન | જુલાઇ | ઓગષ્ટ | સપ્ટેમ્બર | નવેમ્બર | ડીસેમ્બર | જાન્યુઆરી |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ગોંડલ<br>રાજકોટ(તા) | જેતપુર<br>ધોરાજી | કોટડા<br>સાંગાણી<br>લોધિકા | માળિયા(મિંયાણા)<br>પડધરી | ઉપલેટા<br>મોરબી | જામ કંડોરણા<br>વાંકાનેર | જસદણ<br>ટંકારા |
| ૨. | *NIL* | | | | | *રાજકોટ<br>મહાનગરપાલિકા,<br>રાજકોટ* | *NIL* |

## માર્ગદર્શક બાબતો :

૧. સરકારી પ્રાથમિક શાળાઓ માટે શિક્ષણની ગુણવત્તા સુધારણા વર્ષ-૨૦૦૬-૦૭થી માસિક ઍવોર્ડ યોજના : **"શાળા ગુણવત્તા ઍવોર્ડ યોજના"**

૨. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે વર્ષ ૨૦૦૬-૦૭થી ત્રણ જુદી-જુદી કક્ષાએ એક પ્રાથમિક શાળાને ઍવોર્ડ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

- જિલ્લા પંચાયત હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓ
- શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાઓ
- મહાનગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાઓ

૩. રાજકોટ જિલ્લાના ચૌદ તાલુકાઓ તથા રાજકોટ મહાનગરપાલિકાનો આ યોજના અંતર્ગત સમાવેશ થાય છે.

૪. આ યોજના પ્રત્યેક સાત માસ માટે અમલમાં રહેશે. સમયગાળો : જૂન થી જાન્યુઆરી રહેશે. (વેકેશન સિવાય) ***તેમજ કોઈપણ તાલુકો/મહાનગરપાલિકા સમયપત્રકમાં દર્શાવેલ માસ સિવાયનાં માસમાં પણ તાલુકા કોર ગૃપનાં સભ્યો ઈચ્છે તો તે શાળા ગુણવત્તા એવોર્ડની કામગીરી કરી શકશે.***

૫. આ યોજના દરમિયાન રાજકોટ જિલ્લાના ચૌદ તાલુકા તથા રાજકોટ મહાનગરપાલિકાની કોઈપણ એક શાળાને વર્ષ દરમિયાન એક જ વખત શાળા ગુણવત્તા ઍવોર્ડ માટે સમયપત્રક મુજબ પસંદ કરવામાં આવશે. દરેક તાલુકાની કોઈપણ શાળાને વર્ષ દરમિયાન એક જ વખત શાળા ગુણવત્તા ઍવોર્ડ માટે પસંદ કરવામાં આવશે.*(જુઓ : સમયપત્રક)*

૬. આ યોજનાનો અમલ જેતપુર નગરપાલિકા અને ઉપલેટા નગરપાલિકા હસ્તકની શાળાઓની સંખ્યા ૨૫થી ઓછી હોવાથી તેમની શાળાઓ જેતપુર તાલુકા પંચાયત અને ઉપલેટા તાલુકા પંચાયત હસ્તકની શાળાઓ નીચે કરવામાં આવશે.

૭. ઉપરોકત ત્રણેય પ્રકારની કોઈપણ શાળા આ ઍવોર્ડ મેળવવા માટે ભાગીદાર બની શકશે. જે શાળા આ યોજનામાં ભાગ લેવા માગતી હોય તે શાળાએ પોતાની શાળાનું નામ ડાયેટ-રાજકોટને નોંધાવવાનું રહેશે.

૮. જે શાળાઓ આ યોજનામાં ભાગ લેવા ઈચ્છતી હોઇ, તેમણે આ સાથે સામેલ સ્વ મૂલ્યાંકનપત્રકમાં પોતાની શાળાનું સ્વ મૂલ્યાંકન કરશે. પોતાની રીતે સ્વ મૂલ્યાંકન(ગુણાંકન) કરી મૂલ્યાંકનપત્રક તાલુકા વિસ્તારની શાળાઓ તાલુકા કક્ષાની તાલુકા કોર કમિટિને આપશે, તેવી જ રીતે રાજકોટ શહેરની શાળાઓ રાજકોટ મહાનગરપાલિકા કોર કમિટિને પોતાના સ્વ મૂલ્યાંકનપત્રકો આપશે. અને તાલુકા અને શહેરની કોર કમિટિ શાળાના સ્વ મૂલ્યાંકનપત્રકો જિલ્લા કક્ષાની કોર કમિટિને સ્વ મૂલ્યાંકનપત્રકો આપશે. *(જુઓ સ્વ મૂલ્યાંકનપત્રક)*

૯. સ્વ મૂલ્યાંકનપત્રકમાં પ્રત્યેક માપદંડ દીઠ A++,A+ અથવા A ગ્રેડ (અનુક્રમે ૩,૨,૧ ગુણ) મૂકવામાં આવશે. જો કોઈ માપદંડનો અમલ શાળામાં ન થતો હોઈ તો ૦ (શૂન્ય) લખાશે. અગ્રતાક્રમે આવેલ ત્રણ શાળાઓ પૈકી સરાસરી વધુ ગુણ મેળવનાર શાળા ઍવોર્ડ માટે જાહેર થશે.

૧૦. આ રીત તાલુકાની શાળાઓ તથા રાજકોટ મહાનગરપાલિકાની શાળાઓ પાસેથી મળેલા સ્વ મૂલ્યાંકનપત્રકોના આધારે તાલુકા અને શહેર કક્ષાની કોર કમિટિ (પસંદગી સમિતિ) સરેરાશ વધુ ગુણ મેળવનાર તાલુકા તથા શહેરની પ્રથમ ત્રણ ક્રમે રહેલી શાળાઓની મુલાકાતે જશે અને તેમાંથી એક શાળાને ઍવોર્ડ માટે પસંદ કરશે.

૧૧. આ યોજના અંતર્ગત શાળાઓને ભાગ લેવા માટે ચાર નોર્મ્સ ફરજિયાત કરાયાં છે. જે આ મુજબ છે :

 ૧. જે શાળાનું ૧૦૦ ટકા નામાંકન અને ૯૫ ટકા સ્થાયીકરણ હોય તે જ શાળાઓ આ યોજનામાં ભાગ લઈ શકશે.
 ૨. નિયત થયેલા કુલ માપદંડોમાંથી ઓછામાં ઓછા ૧૨૦ ગુણ સ્વ મૂલ્યાંકનપત્રકમાં જે શાળા મેળવે તે જ શાળા ઍવોર્ડ માટે પસંદગીને હકદાર રહેશે.
 ૩. સી.આર.સી.ની જરૂરિયાતમંદ શાળાને સારી શાળા બનાવવા દત્તક લેવાની તત્પરતા બતાવે તે જ શાળા ઍવોર્ડ માટે પસંદગીને હકદાર રહેશે.
 ૪. જે શાળાએ વાચન, લેખન અને ગણનમાં ૧૦૦ ટકા સિદ્ધિ મેળવી હશે તે જ શાળા ઍવોર્ડ માટે પસંદગીને હકદાર રહેશે.

૧૨. સમગ્ર યોજનાના નિયંત્રણ અને દેખરેખ માટે તથા વખતોવખત જરૂરી સુધારા-વધારા કરવા માટે રાજય તથા જિલ્લા કક્ષાએ કોર ગૃપની રચના કરવામાં આવી છે. અને તેની કાર્યપધ્ધતિ અંગે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.

૧૩. આ યોજનાનો અમલ જીસીઈઆરટી તથા તેના હસ્તકનાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા કરવામાં આવશે.

૧૪. આ યોજના અમલમાં મૂકવાથી ઉચ્ચ શૈક્ષણિક ગુણવત્તા ધરાવતી પ્રાથમિક શાળાઓને પ્રોત્સાહન મળવાની સાથોસાથ શાળામાં અભ્યાસ કરતાં બાળકોની શૈક્ષણિક ગુણવત્તામાં ઘણો વધારો થવા પામશે, અને અન્ય પ્રાથમિક શાળાઓ આ દિશામાં જવા માટે પ્રેરણા પામશે.

૧૫. ભાગ લેનાર શાળાઓએ પોતે સ્વ મૂલ્યાંકન કરેલ પત્રકો પસંદગી સમિતિના અધ્યક્ષને મળ્યા બાદ પસંદગી સમિતિ અગ્રતાક્રમે આવેલ ત્રણ શાળાઓની મુલાકાત લેશે. આ મુલાકાત પૂર્ણ દિવસની એટલે કે પ્રાર્થનાથી માંડી પૂર્ણ શાળા સમયની રહેશે, તેમજ એમ.ટી.એ., પી.ટી.એ. તથા વી.ઇ.સી. સાથેની મુલાકાત કરવાની રહેશે.

૧૬. સ્વ મૂલ્યાંકનપત્રકમાં પ્રત્યેક માપદંડ દીઠ A++,A+ અથવા A ગ્રેડ (અનુક્રમે ૩,૨,૧ ગુણ) મૂકવામાં આવશે. જો કોઇ માપદંડનો અમલ શાળામાં ન થતો હોઇ તો ૦ (શૂન્ય) લખાશે. અગ્રતાક્રમે આવેલ ત્રણ શાળાઓ પૈકી સરાસરી વધુ ગુણ મેળવનાર શાળા ઍવોર્ડ માટે જાહેર થશે.

**૧૭. તાલુકા તથા રાજકોટ મહાનગરપાલિકાની પ્રથમ ત્રણ ક્રમાંકે આવતી શાળઓએ વધુમાં વધુ દસ (૧૦) પેઇજમાં ઍવોર્ડ માટેની ટૂંકી નોંધ તૈયાર કરવાની રહેશે અને પસંદગી સમિતિના અધ્યક્ષને મોકલવાની રહેશે. સારી ત્રણ શાળાની વિગતો પસંદગી સમિતિને મળ્યા બાદ જ તેણે શાળાઓની મુલાકાતે જવાનું રહેશે.**

૧૮. પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલ શાળાઓ આ ટૂંકી નોંધ માપદંડોના આધારે તૈયાર કરશે. આવી શાળાઓને ટૂંકી નોંધ તૈયાર કરવા માટે તે શાળાઓને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-રાજકોટ દ્વારા ૧૫ દિવસ અગાઉ જાણ કરવામાં આવશે.

૧૯. ઍવોર્ડ વિતરણ સમારોહ જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના નેજા હેઠળ વર્ષમાં એક-બે વખત યોજાશે. શાળાના આચાર્ય અને તમામ શિક્ષકોને તેમના સહિયારા પ્રયાસ બદલ પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવશે. શાળાના નામ જોગ આર્થિક પુરસ્કાર અને મોમેન્ટો એનાયત થશે.

૨૦. પ્રમાણપત્ર અને મોમેન્ટો જીસીઇઆરટી-ગાંધીનગર દ્વારા પૂરા પાડવામાં આવશે.

૨૧. ઉપરોકત નવ શાળા ગુણવત્તા એવોર્ડ મેળવનાર શાળાઓને પ્રમાણપત્ર, શિલ્ડ તથા ૧૩૦૦૦/- હજાર રોકડ પુસ્કરકાર આપવામાં આવશે.

૨૨. વર્ષ ૨૦૦૭-૦૮થી શાળા ગુણવત્તા એવોર્ડ મેળવનાર શાળાઓને પુરસ્કારની રકમ જે ***અગાઉ ૫૦૦૦/-*** મળતી હતી, તેમાં ૮૦૦૦/-નો વધારો કરીને ૧૩૦૦૦/- (અંકે તેર હજાર પુરા) કરવામાં આવી છે.

૨૩. ***તેર હજારમાંની આઠ હજારની રકમનો ઉપયોગ કરવા માટે નીચેની માર્ગદર્શક બાબતોને અનુસરવાનું રહેશે.***

***માર્ગદર્શક બાબતો :-***

૧. ધોરણ ૧ થી ૭માં એ-ગ્રેડ આવેલ હોય તેવા તમામ બાળકોને પ્રોત્સાહન ઇનામ આપી શકાય.

૨. ધોરણ-૧ના બધાં જ વિદ્યાર્થીઓ ધોરણ-૨માં આવે તો તે વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ આપી શકાય.

૩. સૌથી વધારે દિવસ શાળામાંહાજરી આપી હોય (શાળાના કામકાજના કુલ દિવસો પૈકી) તેવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઇનામ આપી શકાય.

૪. વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓને ટી.એલ.એમ. બનાવવા સહાય કરી શકાય.

૫. કન્યાઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ગરબાનો ડ્રેસ વસાવી શકાય.

૬. રમત ગમત માટેના ડ્રેસ માટે નાણાકીય સહાય કરી શકાય.

૭. નિર્મળ ગુજરાત સંદર્ભે સ્વચ્છતા માટેની કીટ વિદ્યાર્થીઓને આપી શકાય.

૮. શાળામાં વિવિધ કાર્યક્રમમાં જે બાળકે એંકરપર્સનની ભૂમિકા નિભાવી હોય તેને અભિનંદન સ્વરૂપે ઇનામ આપી શકાય.

૯. ધોરણ ૫ થી ૭નાં બાળકોને પ્રોજેકટ વર્ક માટે આથિર્ક સહાય આપી શકાય.

૧૦. શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં શિક્ષણદિન રાખવામા આવે અને તેમાં ભાગ લીધેલ બાળકોને પ્રોત્સાહક ઇનામ આપી શકાય.

૧૧. પ્રવાસ પર્યટન પ્રવૃત્તિ અંગે વિદ્યાર્થીઓ માટે ખર્ચ કરી શકાય.

| ક્રમ | લાયઝન ઓફિસરશ્રી | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧. | શ્રીમતી એન.એ.જોષી | રાજકોટ મહાનગર પાલિકા, રાજકોટ તાલુકો |
| ૨. | શ્રી એચ.એચ.કાતડ | ટંકારા તથા પડધરી |
| ૩. | શ્રીમતી એમ.ડી.શુકલ | વાંકાનેર |
| ૪. | શ્રી વી.ઓ.કાચા | ઉપલેટા તથા ધોરાજી |
| ૫. | શ્રીમતી યુ.એમ.તન્ના | મોરબી |
| ૬. | શ્રીમતી એલ.જી.ઉપાધ્યાય | ગોંડલ અને જેતપુર |
| ૭. | શ્રીમતી એમ.બી.રાવલ | માળિયા(મિં) તથા કોટડા સાંગાણી |
| ૮. | શ્રી વી.વી.સુરેલિયા | જામ કંડોરણા તથા લોધિકા |
| ૯. | શ્રી કે.વી.રીંડાણી | જસદણ |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-રાજકોટ

## "શાળા ગુણવત્તા ઍવોર્ડ" સ્વ મૂલ્યાંકનપત્રક (શાળાએ ભરવાનું પત્રક)(સુધારેલ)

*(જે શાળામાં માર્ગદર્શક બાબતોના મુદ્દા નંબર-૧૧ના પેટા મુદ્દાઓ ૧ થી ૪નું પાલન થતું હોય તે શાળાએ સ્વ મૂલ્યાંકનપત્રક ભરીને જે તે તાલુકાના બી.આર.સી.સી.ને આપવું અને બી.આર.સી. ભરીને તાલુકા કોર ગૃપના અધ્યક્ષને આપશે)*

***સુધારો : અગાઉના પત્રકમાં કુલ પાંચ વિભાગમાં ૫.૭ મુદાઓનો સમાવેશ હતો. તેને બદલે વિભાગ-૫નાં ૫.૧ મુદાનો સમાવેશ વિભાગ-૪નાં ૪.૮માં કરવામાં આવેલ છે અને મુદા ૫.૧ને રદ કરવામાં આવેલ છે.***

| માપદંડનો ક્રમાંક | માપદંડનું નામ અને વિભાગ | ગુણભાર | ગુણભાર | ગુણભાર | માપદંડનો અમલ ન થતો હોય તો ૦ (શૂન્ય) લખવું |
|---|---|---|---|---|---|
| | **વિભાગ-૧ શાળા ભાવાવરણ** | **A++** ૩ ગુણ | **A+** ૨ ગુણ | **A** ૧ ગુણ | ૦ ગુણ |
| ૧.૧ | બાગબાની, ઔષધિય બાગ, તુલશીવન | | | | |
| ૧.૨ | કૅમ્પસની હરહંમેશ સ્વચ્છતા, વૃક્ષોની નિયમિત સારસંભાળ, શાળામાં વનસ્પતિની સંખ્યા-તેના વિશે વિદ્યાર્થીઓની જાણકારી | | | | |
| ૧.૩ | સેનીટેશનની વ્યવસ્થા, સ્વચ્છતા અને ઉપયોગિતા | | | | |
| ૧.૪ | વિદ્યાર્થીઓનો ગણવેશ અને તે માટે આગવું આયોજન | | | | |
| ૧.૫ | પ્રાર્થના સંમેલન તથા યૌગિક ક્રિયાઓ | | | | |
| ૧.૬ | પ્રાર્થના વખતે સંગીતમય ઘડીયા ગાન | | | | |
| ૧.૭ | શાળા દિવાલોનો સમુચિત ઉપયોગ અને તેના પર મહાનુભાવોનાં ચિત્રો | | | | |
| ૧.૮ | શાળા લાયબ્રેરી અને તેનો ઉપયોગ | | | | |
| ૧.૯ | બુલેટીન બોર્ડનો ઉપયોગ | | | | |
| ૧.૧૦ | શાળા હાટ/રામ હાટ જેવા મૂલ્યલક્ષી શિક્ષણના નવતર પ્રયોગ | | | | |
| ૧.૧૧ | જીઆઇઇટી દ્વારા પ્રસારિત દૂરદર્શન કાર્યક્રમો સાંભળવા માટેનું આયોજન અને પરિણામ | | | | |
| ૧.૧૨ | "વસ્તુ ભંડાર" જેવા નેતૃત્વશકિત ખીલવણીના કાર્યક્રમ | | | | |
| | **વિભાગ-૨ અસરકારક વર્ગકાર્ય** | **A++** ૩ ગુણ | **A+** ૨ ગુણ | **A** ૧ ગુણ | ૦ ગુણ |
| ૨.૧ | અસરકારક બેઠક | | | | |
| ૨.૨ | બાળકોની મદદથી બનાવેલ ટી.એલ.એમ. | | | | |
| ૨.૩ | વર્ગખંડમાં જૂથકાર્ય | | | | |
| ૨.૪ | પ્રવૃતિલક્ષી, આનંદદાયિ અભિગમનો વર્ગકાર્યમાં ઉપયોગ | | | | |
| ૨.૫ | પ્રાપ્ત તાલીમનો શિક્ષણ પ્રક્રિયામાં વિનીયોગ | | | | |
| ૨.૬ | પીયર ગૃપ લર્નીંગ પ્રોસેસ (સહપાઠી શિક્ષણ) | | | | |
| ૨.૭ | વિજ્ઞાન પેટીનો ઉપયોગ/પ્રયોગ નિદર્શન | | | | |
| ૨.૮ | વર્ગખંડામાં શાળાના અન્ય શિક્ષકોનો સહયોગ | | | | |
| ૨.૯ | શિક્ષકોની દૈનિક નોંધપોથી આયોજન અને અમલવારી | | | | |
| ૨.૧૦ | વિષયવાર શિક્ષક આવૃતિનો ઉપયોગ, મોડયુલનો ઉપયોગ | | | | |
| ૨.૧૧ | દ્રશ્ય શ્રાવ્ય સાધનો, તેનો ઉપયોગ અને ફલશ્રુતિ | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨.૧૨ | ઇંગ્લીશ લેંગ્વેજ કોર્નરની અસરકારતા | | | | |
| ૨.૧૩ | વિદ્યાર્થીઓના હસ્તાક્ષર સુધારણા માટે કરેલા પ્રયત્નો | | | | |
| ૨.૧૪ | પ્રતિભાવંત વિદ્યાર્થીઓ માટે કરેલા પ્રયત્નો | | | | |
| ૨.૧૫ | કમ્પ્યુટર દ્વારા શિક્ષણ | | | | |
| ૨.૧૬ | નબળા વિદ્યાર્થી માટે સહાયક કાર્યક્રમો | | | | |
| ૨.૧૭ | પ્રોજેક્ટ પધ્ધતિની અમલવારી | | | | |
| ૨.૧૮ | શાળા વર્ગખંડોનું સુશોભન | | | | |
| ૨.૧૯ | વર્ગ લાયબ્રેરી અને તેનો ઉપયોગ | | | | |
| **વિભાગ-૩ સહ અભ્યાસિક પ્રવૃતિઓ અને પ્રાજ્ઞ પરિણામો** | | **A++** ૩ ગુણ | **A+** ૨ ગુણ | **A** ૧ ગુણ | ૦ ગુણ |
| ૩.૧ | ગણિત-વિજ્ઞાન પ્રદર્શનોમાં ભાગીદારી અને સફળતા | | | | |
| ૩.૨ | બાહય પરીક્ષામાં ભાગીદારી અને પરીણામો | | | | |
| ૩..૩ | બાળમેળાનું વિશેષ આયોજન | | | | |
| ૩.૪ | બાળ રમતોત્સવ, સમર વેકેશન વર્કશોપ, સફાઇ અભિયાન | | | | |
| ૩.૫ | પ્રવાસ-પર્યટન-વનભોજન | | | | |
| ૩.૬ | તિથિ ભોજન-મધ્યાહન ભોજન વ્યવસ્થા | | | | |
| ૩.૭ | પસંદગી સમિતિ દ્વારા યોજવામાં આવેલ કસોટી અને તેનાં પરિણામો ***(કોઈપણ ધોરણના ૨૦ ગુણની કસોટીમાં તમામ વિષયો ધ્યાને લેવા)*** | | | | |
| ૩.૮ | આર્થિક રીતે નબળા વિદ્યાર્થી માટે શિક્ષકોના પ્રયત્નો | | | | |
| **વિભાગ-૪ પરિણામલક્ષી લોકભાગીદારી** | | **A++** ૩ ગુણ | **A+** ૨ ગુણ | **A** ૧ ગુણ | ૦ ગુણ |
| ૪.૧ | ગ્રામ શિક્ષણ સમિતિ, માતા-શિક્ષક/વાલી શિક્ષક સંગઠનની ભૂમિકા | | | | |
| ૪.૨ | મા-બેટી સંમેલન | | | | |
| ૪.૩ | લોકભાગીદારી દ્વારા શાળા વિકાસ | | | | |
| ૪.૪ | અન્ય શૈક્ષણિક સંસ્થાનો ખાસ વિષય માટે સહયોગ | | | | |
| ૪.૫ | નિવૃત શિક્ષકોની સહાયક ભૂમિકા | | | | |
| ૪.૬ | સાક્ષરતા માટે કરેલા પ્રયત્નો | | | | |
| ૪.૭ | કન્યા કેળવણી રથયાત્રાની વિશિષ્ટતા | | | | |
| ૪.૮ | વિકલાંગ બાળકો માટે શિક્ષણ વ્યવસ્થા અને પ્રવાસી શિક્ષકોની કામગીરી | | | | |
| **વિભાગ-૫ શાળાની પ્રેરક વિશેષતાઓ** | | **A++** ૩ ગુણ | **A+** ૨ ગુણ | **A** ૧ ગુણ | ૦ ગુણ |
| ૫.૧ | શિક્ષકો દ્વારા પ્રકાશિત શૈક્ષણિક લેખો-સંશોધનો | | | | |
| ૫.૨ | વિદ્યાર્થી-શિક્ષક સંબંધો | | | | |
| ૫.૩ | વિદ્યાર્થીઓનું સતત સર્વગ્રાહી અનૌપચારિક મૂલ્યાંકન | | | | |
| ૫.૪ | શૈક્ષણિક સિદ્ધિઓ | | | | |
| ૫.૫ | શિક્ષકોની સંખ્યાના આધારે ગુણવત્તાલક્ષી વર્ગકાર્ય | | | | |
| ૫.૬ | વ્યવસાયિક સજ્જતા માટે શિક્ષકોનું વાચન | | | | |
| **કુલ ગુણભાર** | | | | | |

*“તમે જીવનમાં શું કર્યુ ?” એમ કોઈ પૂછે તો શો જવાબ તમે આપો, એવા પ્રશ્નનાં ઉત્તરમાં ઉમાશંકરે જણાવેલ કે, “મનગમતાં અને જરૂરી કામો કરવામાં જાત ઘસી નાખી.”*

- *જયેન્દ્ર ત્રિવેદી*

# નારૂશંકર બે-આંગળીઓ અને બીજા

ગુણવંત શાહ

*(બિલ્લો ટિલ્લો ટચ પાન નં-૧૦ થી ૧૮)*

ત્રીજા ધોરણની પરીક્ષા શરૂ થઇ. પાટિયા પર ચાર-પાંચ પ્રશ્નો લખેલા હતા. અમારે પાટીમાં જવાબો લખવાના હતા. મારી આંખો નબળી હતી, પરંતુ, એ જમાનામાં બાળકને ચશ્માં કરાવી આપવાનો રીવાજ ન હતો. હું પાટિયા પરના જવાબો વાંચી શકતો ન હતો. મારી પાસે ચંદુ બેઠો હતો. એ પ્રશ્નો બરાબર વાંચી શકતો હતો પણ એને જવાબ જડતા ન હતા. અમે સમજૂતી કરી. એ મને પ્રશ્ન વાંચી સંભળાવે અને હું એને જવાબ કહી દઉં. અમે બંને પાસ થઇ ગયા. અંધપંગુ ન્યાય એટલે શું ? તેની ખબર તો મોટા થયા પછી પડેલી.

અમને બધી સુરતી ગાળો શિખવાડવાનું શ્રેય અમારા પ્રાથમિક શિક્ષકોને ફાળે જાય છે. ગાળ ન બોલતો હોય એવા એક પણ શિક્ષકનું મને સ્મરણ નથી. તોફાન કરતાં પકડાઇએ એટલે ગાળ સાંભળવી જ પડે. જે શિક્ષક બાળકોને મારે તેનો ગામમાં વટ પડતો. લોકો એવા માસ્તરને આદરથી જોતા. બાળકોને નિર્દય બનીને ધીબી નાખનારા મોરારજી માસ્તરને લોકો એમની નિવૃતિ પછી પણ યાદ કરતા. માર ખાતી વખતે કેટલાક છોકરાઓ મૂતરી પડતા. આવું બને ત્યારે વર્ગમાં સોંપો પડી જતો. કેટલાક માસ્તરો સ્કૂલ-માસ્ટરને બદલે રિંગ માસ્ટર જેવા હતાં. કેટલાક સારા પણ હતાં. થોડાક નમૂના પેશ કરું :

એક હતાં કાળિદાસ ભુલાભાઇ પટેલ. ગામમાં તેમને 'કાળિયા ભુલા' તરીકે જ ઓળખે. ખાદીનો ઝભ્ભો અને માથે સફેદ ટોપી પહેરતાં. ભણાવે સારું અને માણસ પણ ખોટો નહીં, પરંતુ, જયારે શિક્ષા કરવાનો વખત આવે ત્યારે તેઓ એક મૌલિક ક્રૂરતા બતાવતા. બાળકના બે હોઠો વચ્ચે, બે આંગળીઓ નાખીને બે બાજુથી હોઠને જોરથી ખેંચતા. મારા એક ગોઠિયાએ ગુસ્સામાં બે વખત કાળિયા ભૂલાના ધોતિયાની કાછડી પાછળથી ખેંચી કાઢેલી. એ જ ગોઠિયા આજે પણ મારો ખાસ મિત્ર છે. એનું નામ રમણ. રમણ કરસન પટેલ ભણવામાં નરમ હતો. કયારેક બે વર્ષનો લાંબો વિસામો ખાઇને પછી જ એ ઉપલા ધોરણમાં જતો. માસ્તરોની અવનવી લાક્ષણિકતાઓનો ખરો સ્વાદ રમણે ધરાઇને ખાધેલો.

બીજા હતા નારૂશંકર માસ્તર. એમની બે આંગળીઓ એકબીજી સાથે ચોંટેલી હતી. જાણે બે આંગળીઓનો નાનો પટ્ટો જ જોઇ લ્યો. નારૂશંકર એ બે ચોંટેલી આંગળીઓ વડે વિદ્યાર્થીને તમાચો મારતા ત્યારે કુમળા ગાલ પર પટ્ટાની નિશાની પડી જતી. એ જમાનામાં ગાંધીજીની આણ હેઠળ ઘણાં માસ્તરો ખાદી પહેરતાં. નારૂશંકર માસ્તર ખાદીધારી હતાં. તેઓ કદી કોઇના મરણ વખતે સ્મશાને જતા નહીં. તેઓ અતડાં, એકલપેટા અને મખ્ખીચૂસ હતાં.

મારી આંખો નબળી હતી એટલે પાટિયા પર લખેલું વંચાય નહીં. મેં બાને વાત કરી. બા પ્રાથમિક શાળાની આચાર્યા હતી. એણે નારૂશંકર માસ્તરને વિનંતી કરી. એક દિવસ માટે મને આગલી હરોળમાં બેસાડયો. પણ પછી ફરી છેલ્લી હરોળમાં જ રાખ્યો. વર્ગમાં તેઓ ટોણો મારતા. બા પ્રત્યેના દ્વેષ હશે, તેની સજા મને મળતી.

ત્રીજા હતાં મકનજી માસ્તર. જ્ઞાતિએ હરિજન હતાં. તેઓ જિમખાના પાસે હરિજનવાસમાં રહેતા. અમે કયારેય વર્ગમાં કે નિશાળમાં આભડછેટ જેવી કોઇ ચીજ હોઇ શકે એવો ખ્યાલ સુદ્ધા અનુભવેલો નહીં. મારો એક ગોઠિયો હરિજન હતો. પરંતુ, એ વાત અમારી વચ્ચે કયારેય નડતરરૂપ બની ન હતી. રાંદેર ગામ ગાંધીજીનો પ્રભાવ ઝીલવામાં ખાસું આગળ હતું. બીજા એક મોહનભાઇ માસ્તર હતાં. તેઓ તો હરિજનોમાં પણ છેક નીચી જ્ઞાતિના હતા. ખાદીનો પહેરવેશ પણ એટલી સફાઇથી પહેરતા કે કોઇને જ્ઞાતિની કલ્પના પણ ન આવે. મકનજી માસ્તર થોડીક લઘુતાગ્રંથિ અનુભવતા ખરા. હેડમાસ્તર ગુલાબભાઇ દેસાઇ વર્ગમાં આવે ત્યારે મકનજી ખુરશી છોડીને બાજુમાં ઉભા રહી જતા. એ વખતે એમનું મોં લગભગ સિવાઇ જતું. કેવળ એક જ શબ્દ એ બંધ મોઢામાંથી બહાર પડતો : 'જી'. લગભગ લાકડું બની ગયેલા મકનજી માસ્તર એ વખતે ધોતિયાના બધા સળને બે પગ વચ્ચે દબાવીને અદબભેર ઊભા રહી જતા. આ દશ્ય હું કદી ભૂલી શકું તેમ નથી. તેઓ સજ્જનતાની મૂર્તિ સમા હતાં. યથાશકિત અને યથામતિ બાળકોને ભણાવતા, પરંતુ ઝાઝું મારતા નહીં. કયારેક લોકો એમના નામ પાછળ જ્ઞાતિનું નામ જોડીને તોછડા નામે એમની ગેરહાજરીમાં એમનો ઉલ્લેખ કરતા.

એ જમાનામાં, શિક્ષકને જવાબ ન આવડે એવા પ્રશ્નો વર્ગમાં પૂછવામાં મોટું જોખમ ગણાતું. એક વાર પૃથ્વી, સૂર્ય અને ચંદ્રની ગતિ વિષે જાગીરદાર માસ્તર અમને ભણાવી રહયા હતા. મારાથી પ્રશ્ન પૂછાઇ ગયો : 'પૃથ્વી ગોળ ફરે અને આપણે રહીએ તે ભાગ નીચી બાજુએ આવે ત્યારે પડી કેમ નથી જતા ?' મને ગુસ્સો કરીને બેસાડી દેવાને બદલે એમણે સમજાવવાનો પ્રયત્ન કરેલો. તેઓએ ટેબલ પર પૃથ્વીનો ગોળો મૂકયો અને ટેબલને વર્ગમાં આમતેમ ફેરવ્યું. પણ પૃથ્વી પડી ન ગઇ. એમણે મને સમજાવ્યુ તે પહેલા હું ગોટાળામાં હતો, પરંતુ એમણે સમજાવ્યુ પછી ગોટાળો ઘણો વધી ગયો. તેઓ શંકાનું સમાધાન કરવામાં નિષ્ફળ ગયેલા, પણ ગુસ્સે ન થયેલા.

સાતમા ધોરણ માટેની ગુજરાત વિદ્યાપીઠની વાંચનમાળામાં 'દીવાદાંડી' મથાળે એક પાઠ હતો. સાગરકિનારે દીવાદાંડી પર ફરજ બજાવનાર પતિપત્ની રહેતાં. એક વાર દીવાદાંડીનું યંત્ર બગડી ગયું ત્યારે કોઇ વહાણ ખડક સાથે ભટકાઇને ખલાસ ન થાય તે માટે આખી રાત બંને જણાં હાથ વડે યંત્ર ચલાવતા રહયાં, એ મતલબની વાર્તા એમાં હતી.

જાગીરદાર સાહેબે અમને દીવાદાંડી રચના સમજાવી. એક વિદ્યુતગોળો પ્રકાશમાન હોય અને એની આસપાસ કાણાવાળું ઢાંકણ ફરતું રહે. કાણું આપણા તરફ આવે ત્યારે એમાંથી પ્રકાશ ફેંકાય અને ઢાંકણ આવી જાય ત્યારે પ્રકાશ દેખાતો બંધ. મેં હજીરાની દીવાદાંડી જોયેલી. એ ત્રણ ઝબકારા ફેંકે પછી થોડીકવાર માટે ઝબકારા બંધ થાય, ફરી પાછા ત્રણ ઝબકારા થાય અને ફરી થોડોક વિરામ હોય. મેં જાગીરદાર સાહેબને પૂછયું : 'જો પેલુ કાણાવાળું પતરું એકધારું ગોળગોળ ફરતું હોય તો ત્રણ ઝબકારા પછી વિરામ શી રીતે આવે ?' સાહેબ ખરેખર મુશ્કેલીમાં આવી ગયેલા. એવી ક્ષણે પણ એમણે ગુસ્સો નહતો કર્યો. વર્ગમાં કોઇ વિદ્યાર્થી પ્રશ્નો પૂછે તે ઠોઠ નિશાળિઓને ન ગમતું. તેઓ આવું કરનાર છોકરાને પજવતા અને એને 'દોઢ-ડહાપણિયો' કહીને ચીડવતા.

જેને નિશાળનો ઘંટ વગાડવાનું કામ સોંપાય તે વિદ્યાર્થી હરખાઇ ઊઠતો. રીસેસનો ઘંટ પડે ત્યારે છોકરા ઝડપભેર વર્ગની બહાર ધસી આવતા. ઘંટ વગાડવાનો હક પોતાનો જ રહે તે માટે વિદ્યાર્થી મોગરી સંતાડી દેતા. સાંજ પડે અને છૂટવાનો ઘંટ પડે તે પહેલાં ન્હાનાલાલની પંક્તિઓ સમૂહમાં ગવાતી. : ‘પ્રભુ અંતર્યામી જીવન જીવના દીન શરણા.’ અવાજ વધી પડે ત્યારે માસ્તર જોરથી ટેબલ પર ટેબલવેઇટ ઠોકીને કહેતા : ‘ચાલો.......અદબપલાંઠી.’ આખો વર્ગ શાંત થઇ જતો. માસ્તરની પર્સનાલિટી નિષ્ફળ જતી ત્યારે પેપરવેઇટની પર્સનાલિટી અસરકારક બનતી. ફૂટપટ્ટી એટલા જોરથી મારવામાં આવતી કે કયારેક એ તુટી જતી. સીસમની આંકણીનો પણ મારવામાં ઉપયોગ થતો. છુટી સ્લેટ માસ્તરને મારીને ભાગી જનારા વિદ્યાર્થીઓ પણ હતાં. છોકરાઓની શાળામાં એક પણ શિક્ષિકા ન હતી અને કન્યાશાળામાં એક પણ પુરુષ શિક્ષક ન હતો. પેશાબ કરવા જવું હોય ત્યારે સાહેબ સામે દીનવદને એક આંગળી અને શૌચ જવું હોય ત્યારે બે આંગળી ધરીને ઊભા રહેવાનો રિવાજ હતો. આ રિવાજનો અમે ઘણો ગેરલાભ લીધેલો.

એક સંનિષ્ઠ શિક્ષકનું નામ હતું, કાલિદાસ વ્યાસ. તેઓ વિધુર હતા. ઘરમાં સાવ એકલા અને પૈસા લીધા વગર છોકરાઓને ભણાવતા. એમના ઘરમાં ભર બપોરે અંધારું રહેતું. તેઓ નેતરની એક રૂપાળી સોટી ભણાવતી વખતે પાસે મુકી રાખતા. એ સોટીનો ઉપયોગ ભાગ્યે જ થતો પણ જયારે થતો ત્યારે અમારું આવી જ બનતું.

વ્યાસ સાહેબને ત્યાં ભણવા જનારે ફાનસ લઇને ભણવા જવું પડતું. કોઇ પટેલ વાલી માસ્તરને ત્યાં રોજ કળશિયો ભરીને દૂધ મોકલતો. એ જમાનામાં રોકડા પૈસાની છૂટ નહીં, પરંતુ દિલની ત્રેવડ ઘણી. બામણને ચીજવસ્તુ આપવામાં લોકો ઉદાર રહેતા. વ્યાસ સાહેબ બીડી બહુ પીતા. બીજી જરૂરિયાતો એટલી ઓછી કે પંદર રૂપિયાના પગારમાંથી થોડાક બચતા. માસ્તરને લોકો માન આપતા. એક જ કોટ વર્ષો સુધી ચાલતો. બુટ કે ચંપલ ઝટ ઘસાતાં નહીં. લોકો વારંવાર રિપેર કરાવીને બધી ચીજો લાંબા સમય સુધી વાપરતા. બ્રાહ્મણોની કરકસર કયારેક વાણિયાઓને હરાવી દેતી. વ્યાસ માસ્તરનું ઘર અઠવાડિયે સાફ થતું, ત્યારે નવુંનવુ લાગતું.

**હું જે કાંઇ પામ્યો તેમાં કાલિદાસ માસ્તરનો ફાળો કેટલો ? કોઇ જવાબ નથી. થર્મોમીટર પર માપી ન શકાય કે વજનકાંટા પર તોલી ન શકાય એવી બાબતોને હદયથી જ મૂલવવી પડે. માણસનાં ઘડતરમાં શિક્ષકોનો ફાળો કેટલો તે જાણવાની કોઇ યુકિત હજી જડી નથી.**

વ્યાસ સાહેબ કેટલાક ખાસ વિદ્યાર્થીઓને મિડલ સ્કૂલ સ્કોલરશિપ માટે તૈયાર કરતાં. આ માટે પણ કોઇ ફી તેઓ લેતા નહીં. સ્કોલરશિપ મળે તે વિદ્યાર્થીને બે-ત્રણ વર્ષ સુધી મહિને ચાર રૂપિયા મળતા. હું પણ એ પરીક્ષામાં બેઠેલો. સાહેબે ઘણી મહેનત મારા માટે કરેલી, પરંતુ મને સ્કોલરશિપ મળેલી નહીં. સુરતની સોરાબજી જે.જે.ટ્રેનિંગ કોલેજના ભવ્ય મધ્યખંડમાં પરીક્ષા લેવાતી. એમાં એક પેપરમાં બાળકોને દસ મિનિટ માટે કોઇ ગદ્યખંડ વાંચવા માટે અપાતો. પછી એ કાગળ લઇ લેવામાં આવતો અને ગદ્યખંડને આધારે એક પ્રશ્નપત્રમાં પૂછેલા પ્રશ્નોના જવાબ લખવાનાં રહેતા. મને જયારે ગદ્યખંડ વાંચવા આપ્યો ત્યારે હું વિસ્મયપૂર્વક એ મોટામસ ખંડમાં જે ચિત્રો હતાં તે જોવામાં રહયો. સ્કોલરશિપ ન મળી તેથી સાહેબ દુ:ખી થયેલા. સાતમા ધોરણમાં સ્કોલરશિપ મળેલી, તે પણ એમની જ મહેનતનું પરિણામ હતું.

હું જે કાંઇ પામ્યો તેમાં કાલિદાસ માસ્તરનો ફાળો કેટલો ? કોઇ જવાબ નથી. થર્મોમીટર પર માપી ન શકાય કે વજનકાંટા પર તોલી ન શકાય એવી બાબતોને હદયથી જ મૂલવવી પડે. અમને નરસિંહ મહેતાનું કાવ્ય ‘નાગદમન’ અને વીર નર્મદનું કાવ્ય ‘સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે’ વ્યાસ સાહેબે ભણાવેલું.

માણસનાં ઘડતરમાં શિક્ષકોનો ફાળો કેટલો તે જાણવાની કોઇ યુકિત હજી જડી નથી. હજી કબીરવડ જવાનું બને ત્યારે વ્યાસસાહેબ યાદ આવે છે. એમણે અમને નર્મદનું કાવ્ય ભણાવેલું, જેની પંકિત હતી :

***ભૂરાં ભાસ્યો ઝાંખો, દૂરથી ધુમસે પ્હાડ સરખો,***
***નદી વચ્ચે ઊભો, નિર્ભયપણે એક સરખો.***

દાયકાઓ વીતી જાય પછીયે કોઇ શિક્ષકનું પાવક સ્મરણ એના વિદ્યાર્થીને કોઇ ને કોઇ નિમિત્તે થાય, એ જ સાચા શિક્ષકની સંપ્રાપ્તિ. પૂરી લગનથી વર્ગમાં ભણાવતી વખતે પોતે વેરેલા અસંખ્ય બીજ કયાંક ને કયાંક અંકુરિત થઇને વૃક્ષત્વ પામશે એવી અડગ શ્રદ્ધા, એ જ સાચા શિક્ષકની ભીની આસ્તિકતા ગણાય. કાલિદાસ વ્યાસની આસ્તિકતા સો ટચની હતી. આ વાત લખતી વખતે મારી આંખો પણ ભીની છે.

ઘણાં શિક્ષકો હવે હયાત નથી. ગામની પ્રાથમિક શાળા એટલે ગ્રામમાતા. હું જયાં ભણ્યો ત્યાં વર્ષો પહેલા એ જ શાળામાં વીર નર્મદ શિક્ષક હતા.

- **બી.હનુમૈહયા, કુલપતિ, બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી, લખનૌઉ**

આપણા દેશને ભવિષ્યમાં મોટાપાયા પર તાલીમ પામેલા માનવશકિતની જરૂર પડવાની છે. તેના માટે વહેલાસર આપણે પ્રાથમિક કક્ષાએથી જ સારું શિક્ષણ લોકોને મળે તેવી વ્યવસ્થા પુરી પાડવી જોઇએ. માત્ર ગ્રામ્ય કક્ષાએ શાળાઓ હોય તે જ પુરતું નથી. પરંતુ, વિદ્યાર્થીઓને તમામ આધુનિક સુવિધાઓ પુરી પાડવી જોઇએ, જેવી કે ગ્રંથાલય, પ્રયોગશાળા, કમ્પ્યુટરની સુવિધા ઈન્ટરનેટ સાથે. સમયની સાથે આપણે શાળા કક્ષાએ એવી પ્રક્રિયા વિકસાવવી જોઇએ તેમજ દેશ પાસે પણ એવું આયોજન હોવું જોઇએ જેથી દેશની જરૂરીયાત મુજબની તાલીમબધ્ધ માનવશકિત તૈયાર થાય. આમ કરવાથી ઉચ્ચકક્ષાએ આપણે આવા ઉત્સાહી વિદ્યાર્થીઓને શોધી શકીએ અને તેઓને વિશિષ્ટ લાયકાત ધરાવતું શિક્ષણ આપી શકીએ-જેમ કે એન્જિનીઅર, મેડીકલ, મેનેજમેન્ટ, ટીચર્સ ટ્રેઇનીંગ, વહિવટ તથા ઓફિસ સ્ટાફ. વિદ્યાર્થીઓ આ પ્રકારનું શિક્ષણ મેળવ્યા પછી એવી કક્ષાએ પહોંચશે કે જેથી તેઓ દેશનાં વિકાસની જવાબદારીઓ સ્વીકારી શકશે. આ ત્યારે જ શકય બનશે કે જયારે દેશ પાસે જરૂરિયાત મુજબની માનવશકિત તૈયાર કરવાનું ચોકકસ આયોજન હોય. શિક્ષણનું પાયાનું ધ્યેય તો શૈક્ષણિક અને તાલીમબધ્ધ માનવશકિત તૈયાર કરવાનું છે, નહીં કે સાક્ષરો પેદા કરવા.

# શિક્ષક થવું સહેલું નથી....

• દિલીપ રાણપુરા

*(શિક્ષક કથાઓ: પાન નં ૯૧ થી ૧૦૩)*

ધીરુભા એ વખતે જુવાન. સ્વભાવ જરા તીખો. કયારે ઉશ્કેરાઇ જાય તે કહેવાય નહી. સ્વભિમાનની માત્રા એટલી હદે કે તે અહંકારી લાગે. મૂછો રાખે. વળ ચડાવે. વાળ ભરાવદાર. શરીર સશકત. આંખોમાં રતાશ દોરાયેલ હોય. અવાજ પણ વજનદાર. તેઓ એક દિવસ કોઇક કામે તેમના નજીકના સગા હનુભાને મળવા વીરમગામ ગયા. ઘેર જવાને બદલે સીધા શાળાએ ગયા. તેમના વર્ગખંડમાં પ્રવેશી ચિઠી આપી. હનુભા એ વખતે વિધાર્થીઓને ભૂમિતિ શીખવી રહયાં હતા. તેમણે ધીરુભા સામે જોઇને ચિઠ્ઠી ખોલ્યા-વાચ્યાં વગર ટેબલ પર મૂકી તેમના કામે વળગી જતા પહેલાં ધીરુભાને ખુરશી પર બેસવાનું કહયું. હનુભાના આ વર્તનથી ધીરુભા અંદરથી વમળાઇ ગયા. તેમને થયું, આ તે કેવા સગા ! ન ચિઠ્ઠી વાંચી. ન કશું પૂછયું ! જાણે સાવ અજાણ્યો માણસ અણગમતું કામ લઇને માથે પડતો આવ્યો હોય એવું વર્તન કરે છે. તેમનું લોહી સડસડી ગયું. અપમાનની ઝાળ રૂંવેરૂંવે પ્રજળવા લાગી ને તોય તેઓ સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતાં બેસી રહયાં.

પીરિયડ પૂરો થયો. શાળા સમય પણ પુરો થયો. વિદ્યાર્થીઓ ચાલ્યા ગયા. હનુભાએ ચિઠ્ઠી લીધી. વાંચી. ધીરુભાને આવકાર્યા. કહયું : 'મારા વર્તનથી તમને માઠું લાગ્યું હશે, પણ હું મારું કામ એક સેકંડ માટે પણ છોડી શકું નહીં.'

'પણ હું તમારો સગો.....'

'બરાબર હું જાણું છું.... તમે વર્ગમાં આવ્યા ત્યારે હું શિંક્ષક હતો. તમારો સગો નહી. જીવનમાં જેમ વ્યવહારોની અગત્યતા છે, તેમ કર્તવ્યપાલનની પણ છે. વર્ગમાં હું ભણાવું કે નહિ, કોઇ પૂછનારું નથી. પણ મને એક જ્ઞાન થયું છે કે જે કામ આપણા ભરોસે છોડવામાં આવે છે ને તેનો પૂરો પગાર મળે છે તો તે પગાર વસૂલ થાય તેટલું કામ તો એક નિષ્ઠાથી કરવું જ જોઇએ. અને આ રીતે કામ કરતાં કરતાં જે આનંદ અને બાળકોનો પ્રેમ મળે છે તે તો વધારાનો છે. એટલે કામની સાથે મળતા એ પ્રેમ અને આનંદની એક પણ સેકંડ પણ હું વેડફી શકું નહી......હું જે વિષયનું શિક્ષણ આપું છું તે માત્ર સ્થૂળ, અભ્યાસક્રમમાં સમાવાયેલો વિષય જ નથી હોતો, પણ એક જીવનદર્શન પણ હોય છે. એવું મને લાગે છે.'

ધીરુભાએ આટલું લાંબુ ભાષણ સાંભળી લીધું. તેમનામાં વમળાતો રોષ શમી ગયો. તેઓ સાંજે પાછા ફર્યા ત્યારે પણ હુનભાની વાત તેમના ચિત્તમાં રણકયા કરતી હતી અને તેમનાથી એક નિર્ણય લેવાઇ ગયો : 'પ્રેમ અને આનંદનું ભાથું બાંધી જિંદગીની સફર કરવી હોય તો શિક્ષક થવું.' અને તેમની ચિત્તની ભૂમિતિમાં નવાં સમીકરણો મંડાવા લાગ્યાં.

**આ સાંભળી મોટાબાપુ ચોંકી ગયા. તેમણે કહયું : 'વાત સારી છે, પણ શિક્ષક થવું સહેલું નથી. એ માટે તો ચિત્ત શાંત-સ્વસ્થ હોવું જોઇએ. જ્ઞાનની ઉપાસના એકાગ્રતાથી કરવી જોઇએ ને વધુ તો માતૃહ્રદય હોવું જોઇએ.**

પિતા લશ્કરમાં હતા. માતાનું અવસાન તેઓ પાંચેક વર્ષના હતાં ત્યારે થયેલું. એટલે મેઘાણીની કવિતાની જેમ 'કેવી હશે ને કેવી નહી, મા મને કોઇ દિ'સાંભરે નહી' જેવી તેમની મનઃસ્થિતી હતી. સંયુકત કુટુંબમાં, વડીલોના છત્ર અને લાડ-કોડ નીચે તેમનો ઉછેર થયો.

મૂળ વતન ધ્રાંગધ્રા તાલુકાનું મેથાણ, પ્રાથમિક શિક્ષણ હળવદ, મેથાણ અને ધ્રાંગધ્રામાં અને માધ્યમિક શિક્ષણ ચૌધરી હાઇસ્કુલ રાજકોટ અને ધ્રાંગધ્રાની સર અજીતસિંહજી હાઇસ્કૂલમાં પૂરું કર્યુ. આમ, ગામ, શાળાઓ, શિક્ષકો, દોસ્તો બદલાતા રહયાં. અનુભવો થતા રહયાં. હિંમત અને સાહસિકતા વધતા રહયાં. દરબારી વટ કરતા વળ વધુ ચડતો રહયો. પણ હનુભાનાં શબ્દોએ પેલા દરબારી વળને થોડો ઉબેળ્યો. અને વટને એક નવો ઘાટ આપવા માંડયો. તેમણે હળવદ રહેતા તેમના મોટાબાપુને કહયું : 'મારે તો શિક્ષક થવું છે.'

આ સાંભળી મોટાબાપુ ચોંકી ગયા. તેમણે કહયું : 'વાત સારી છે, પણ શિક્ષક થવું સહેલું નથી. એ માટે તો ચિત્ત શાંત-સ્વસ્થ હોવું જોઇએ. જ્ઞાનની ઉપાસના એકાગ્રતાથી કરવી જોઇએ ને વધુ તો માતૃહ્રદય હોવું જોઇએ.'

'એ બધું આવી જશે બાપુ, મને એક ડગલું તો માંડવા દો... જો એ ડગ ડગી જશે તો શિક્ષણના વ્યવસાયને લાંછન ન લાગે તે માટે તે છોડી દઇશ ને પછી કાં તો તલાટી, કાં પોલીસ, કાં મિલિટરીમાં ભરતી થઇ જઇશ. પણ મને એક વખત શિક્ષક બનવા દો.'

ધીરુભાનાં અવાજમાં શ્રધ્ધા રણકતી હતી એટલે હા કહી.

ધીરુભા ૧૯૫૯-૬૧માં પી.ટી.સી. થવા લીંબડી અધ્યાપન મંદિરમાં દાખલ થયા. સંકલ્પ હતો એક સારા શિક્ષક બનવાનો. એટલે લગનથી ભણતા હતા. પણ તોય કયારેક પેલા દરબારી વળ ચડી જતો, પણ પાછા સભાનેય બની જતા. પી.ટી.સી. થયા પછી મેથાણની બાજુમાં ગામ રાજચરાડીમાં શિક્ષક તરીકે નિમણૂંક મળી. ત્યાં બે વર્ષ કામ કર્યુ અને મેથાણથી સત્તર કિલોમીટર દૂર સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રાના રસ્તે આવતા રાજસીતાપુરથી અંદર ભાગે પાંચેક કિલોમીટર દૂરના ગામ પ્રતાપપુર બદલી થઇ. ૧૯૬૩માં પંચાયતી રાજની સ્થાપના પણ થઇ...પ્રતાપપુરની વસતિ એ વખતે સાતસો માણસોની. ધીરુભા શિક્ષક તરીકે આવ્યા એ વાત ગામ લોકોને ખૂંચે. ચણભણ થયા કરે કે આ દરબાર માસ્તર આપણા ગામમાં ન હોવો જોઇએ. એ માથાભારે હોય, એની મૂછોના વળ તો જૂઓ...ને આંખ કેવી લાલઘૂમ છે. એ આપણા છોકરાને ભણાવવા કરતા ફટકારશે વધુ.... કરો એનો બહિષ્કાર. ભાગી જશે અહીંથી ને આવી વાતો ધીરુભા સાંભળે એ રીતે તેઓ નીકળે ત્યારે કરે, ધીરુભાનું લોહી સડસડે. પણ તરત જ સાંભરી જાય મોટાબાપુના શબ્દો: *'શિક્ષક થવું સહેલું નથી.'* ને હનુભાની નિષ્ઠા....ને પોતાના સંકલ્પો. તેઓ ગામ કાંઠે આવેલા તળાવે ફરવા જાય. આઠખૂણિયું, પાકા ઘાટ-આરા બાંધેલું તળાવ. તેમાં લહેરાતું પાણી. ઊઠતા તરંગો જોઇ ટકી રહેવા, ગામનો વિશ્વાસ સંપાદન કરવા શું કરવું તેના તરંગો મનમાં પણ ઊઠે. વળી આ ચન્દ્રાત્સર તળાવ કોણે બંધાવ્યું હશે તેનાય વિચાર આવે. તળાવની પાળે ફરે. એમાં એક ઊંચા પથ્થર પર કશુંક લખેલું જોયું. પણ લિપિ તો પોતે ઉકેલી શકે તેમ નહોતા. વાતો તો ઘણી સાંભળેલી. અહીં વગડો હતો. ચંન્દ્રસેન રાજા અહીંથી નીકળેલા. તેણે આ તળાવ બંધાવ્યું. કેટલા વર્ષ થયા તેની ખબર નથી. પણ સર અજીતસિંહે એકસો અગિયાર વર્ષ પહેલાં ત્રણ ગામનો રકાબો (પડતર જમીન) કાઢી પ્રતાપપુર વસાવ્યું ત્યાર પહેલાનું આ તળાવ છે. પાકું પથ્થર ચૂંનાનું બાંધકામ છે. પાણીની પાળ પણ પથ્થરની છે ને પથ્થરની ગળણીઓ મૂકેલી છે, જેથી પાણી સાથે જાળાં, ઝાંખરાં, પથ્થર કે માટી તણાઇને તળાવમાં પુરાણ ન કરી શકે. આજે 'કયાંક કયાંકથી તો થોડું જર્જરીત થયું છે. પણ તેની સંભાળ

લેવાય છે. ધીરુભાએ પણ પોતાના ચિત્તમાં વહેતા શિક્ષકત્વના પ્રવાહની સાથે દૂષણો, અધૈર્ય, ક્રોધ, અસ્વસ્થતાનાં જાળાં-ઝાંખરા તણાઇ ન આવે તેની ચોપ રાખવા માંડી.

શાળાની સ્થાપના તો સ્ટેટના વખતમાં ૧-૩-૧૯૪૪નાં રોજ થઇ હતી. પણ શાળાનું અલગ મકાન નહોતું. ઘોડા બાંધવાનો તબેલો હતો ત્યાં એક રૂમ કાઢી આપેલો. ચૌદ વર્ષ પછી બીજો રૂમ પણ એ તબેલાનો જ મળ્યો હતો. ગામની બાંધણી બંને બાજુ એક સરખા મકાનની હતી. તેનો નકશો જોતાં તે કાંગસી આકારની લાગે. ધીરુભાને ગામ ગમતું હતું, કામ તો મનગમતું હતું. પોતે ક્ષત્રિય હોવાથી જ ગામ તેમને અણગમાની, ઘૃણાની નજરથી જોતું હતું. જો ગામ શિક્ષકને આદરથી ન જોઇ શકે તો શિક્ષક કામ પણ કઇ રીતે કરી શકે ? ને કરે તો એ ઊગે કેટલું ? તેમણે નિર્ણય કરી લીધો. મારે અહીં કામ કરવું છે. ગામે ભલે બહિષ્કાર કર્યો હોય. ભલે પૈસા દેવા છતાં દૂધ પણ ન આપે. પણ હું મારું કામ નહીં છોડું. વિદ્યાર્થીઓ તો મારી પાસે આવે છે. હું તેમને પ્રેમથી જીતી લઇશ.

સાતસો માણસની વસતિના ગામમાં એક શિક્ષકની મૂક બહિષ્કાર જેવી સ્થિતી પંદર-વીસ દિવસ ચાલે તો કાચી માટીનો શિક્ષક ભાંગી પડે. પણ ધીરુભા ભાંગી ન પડયા. તેમણે વિદ્યાર્થીઓને જીતી લીધા. વિદ્યાર્થીઓ જિતાતાં જ ગામના વર્તનમાં પરિવર્તન આવ્યું. ધીરુભા આથી ફુલાયા નહીં. દરબારી વળ જરાય ન ચડયો. પણ 'વટ' વધુ નિખારવાનો ઉત્સાહ આવ્યો, લોકો હળવા-મળવા લાગ્યા. પોતાના વળને ઉતારી નાખવાનું ઋણ ચૂકવવું હોય એમ તેઓ કામે વળગી ગયા. તેમણે પોતાનું ફાનસ લાવી રાત્રિશાળા શરૂ કરી. આ માટે તેમણે શિક્ષણખાતાને અરજી કરી પ્રૌઢ શિક્ષણ કેન્દ્ર ચલાવવા માનદ્ વેતનની ન માગણી કરી કે ન કશાં ઢોલ વગાડયાં. હા, પ્રૌઢો પણ કદર કરવા ઇચ્છતા હતાં. એટલે તેઓ જે કાંઇ આપે તે ધીરુભા સ્વીકારી લેતા. પણ તે અલગ રાખતા. અને થોડી રકમ જમા થાય એટલે તેમાંથી શાળાની ભૌતિક સુવિધામાં વધારો કરે ને ગામલોકોને તેનો હિસાબ આપે. ગ્રામ ફાળો કરી તેમણે ૧૯૬૫ સુધીમાં, એટલે કે તેમના આવ્યા પછીના બે જ વર્ષમાં, ચાર નવા ઓરડા બનાવરાવ્યા. ધોરણ સાત સુધીનાં ધોરણો થતાં શિક્ષકોની સંખ્યા પણ વધી. તેમના સિનિયર શિક્ષક આવતાં તેઓ મદદનીશ શિક્ષક બન્યાં. તેમાં જરા પણ લઘુતાનો ભાવ અનુભવ્યો નહીં. આચાર્યને આગળ કરીને જ તેઓ તેમની પ્રવૃતિ કરતા, ધોરણ સાતનાં વિદ્યાર્થીઓ માટે વધારાનું પૂરક શિક્ષણ કાર્ય કરવાની જવાબદારી તેમણે સ્વચ્છાએ ઉપાડી સવારે છ વાગે ફાનસ લઇ આવે. સાડા સાત સુધી વિદ્યાર્થીઓને ભણાવે. પુરા દસ વર્ષ સુધી તેમણે આ કામ કર્યુ. ૬ થી ૧૪ વર્ષનો એક પણ બાળક શાળા પ્રવેશથી વંચિત ન રહયો. હા, પરણીને પ્રતાપપુરમાં આવતી બહેનોમાં કેટલીક નિરક્ષર હોય. લાજ, શરમ આ બધાંને કારણે. એવી બહેનોને ભણાવવા માટે ધીરુભાએ બહેનોને તૈયાર કર્યા. 'સારક્ષતા અભિયાન' આવ્યું ત્યારે તો આ આખું ગામ, એટલે ૧૫ થી ૩૫ વર્ષ સુધીનાં ભાઇ-બહેન સાચા અર્થમાં સાક્ષર બની ચૂકયાં હતાં. હા, એક શિક્ષક બદલી પામીને આવ્યા, તેમનાં પત્ની અભણ. અને બીજા બે શિક્ષણ મેળવવામાં શારીરિક રીતે વિકલાંગ હોવાથી નિરીક્ષર રહી ગયા. પ્રતાપપુરની સાક્ષરતાની જિલ્લા અને રાજયકક્ષાએ કસોટી મૂલ્યાંકન થયાં. તેમાં તેઓ પાર ઊતર્યા.

પણ ધીરુભાનાં ચિત્તમાં તો એક આદર્શ ગામની, અભ્યાસકાળ દરમિયાન વાંચેલી ર.વ.દેસાઇની 'ગ્રામલક્ષ્મી'ની કલ્પના હતી. એ કક્ષાએ ન પહોંચાય તોય એ માર્ગે તો ચડી શકાય એટલી શ્રધ્ધા એમનામાં, એમના સાથી શિક્ષકોના અને ગામના સહકારથી જાગી ગઇ હતી. એક સાચો શિક્ષક કેટલું કામ કરી શકે, સમાજને કઇ રીતે બેઠો કરી શકે, તેનો એક આલેખ મળે છે તેમના કામમાંથી....

પ્રતાપપુર ગ્રામ પંચાયતની સ્થાપના ૧૯૫૪માં થયેલી એટલે કે શાળાની સ્થાપના પછીનાં બરાબર દસ વર્ષે સ્થાપના થઇ એટલે પહેલી પંચાયતની મુદત પુરી થતાં ચૂંટણી થાય તેવું વાતાવરણ થઇ ગયું......એક તો માંડ કોળી, કણબી, હરિજન, લુહાર, બ્રાહ્મણ, વાળંદ, મુસ્લિમની સાતસોની વસતિનો સંપ થોડો ડખોળાવા લાગ્યો. બે-પાંચ ડાહયાં માણસોએ દરમિયાનગીરી કરી કેટલાકના 'અહં'ને સંતોષ આપ્યો.....પણ બીજી વખત જયારે ચૂંટણી આવી ત્યારે તો ધીરુભાના કામનો, તેમની સમજનો પ્રભાવ વિસ્તર્યો હતો ને ગામલોકોને પણ થયું હતું કે આપણે જો ગામનો ને આપણો વિકાસ કરવો હોય તો એક સંપથી, એક મતે બધાં કામ કરવાં જોઇએ એટલે ત્યારથી ગ્રામ પંચાયત બિનહરીફ થતી આવી છે.

વિકાસની એક રેખા અંકાઇ ગઇ. ગામ લોકોની ઇચ્છશકિતને એક કેન્દ્ર મળી ગયું અને સૌથી વધુ ગામના વિકાસમાં પોતાનો પણ વિકાસ નિહિત છે તેની પ્રતીતિ મળી ગઇ. ૧૯૬૫માં નાની બચતની વાત ધીરુભાએ કરી. એ માટે તેમણે ગ્રામપંચાયના સભ્યોને સમજણ આપી. પછી તો ગામના બીજા વડીલો, જુવાનો, બહેનોને પણ નાનકડા જૂથમાં, વ્યકિતગત રીતે મળતા ને સાતસો માણસોની વસતિ ધરાવતા પ્રતાપપુરે સાત લાખ રૂપિયાનું નાની બચતમાં રોકાણ કર્યુ. : આજે પણ કોઇને રોકાણ કરવું હોય તો તે બેંક, શરાફની પેઢી, શેર કે કંપનીમાં રોકાણ કરવાને બદલે નાની બચતમાં રોકાણ કરે છે.

૧૯૮૫માં પ્રતાપપુર ગ્રામ પંચાયતને જિલ્લા અને રાજયકક્ષાએ શ્રેષ્ઠ ગ્રામ પંચાયતનું ઇનામ મળ્યું. ઇનામની કુલ રકમ પંચાવન હજારનો ઉપયોગ ગામના રસ્તા પર પથ્થરો પાથરવામાં કર્યો. ઉમેદઅલી એ. ચામડીયા નામના તલાટી પણ આવ્યા. તેમણે સરકારી યોજનાનો ગ્રામ વિકાસ માટે કઇ રીતે લાભ લઇ શકાય તેની સમજ આપી. કયારેક તો ગ્રામફાળો કરવામાં તેઓ પોતાનું નામ પહેલું લખતા.

ગામનો મુખ્ય જીવનાધાર ખેતી, ધીરુભાએ સમજાવ્યું. જમીનની ફળદ્રુપતા જાળવી રાખવી હોય તો રાસાયણિક ખાતરનો ઉપયોગ કૂવામાં પાણી હોય તો પણ તે બે કે ત્રણ પાક લઇ શકાય તેટલું તો હોતું જ નથી ને વરસાદ પણ કયાં નિયમિત અને પૂરતો આવે છે. એટલે આપણે સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરીએ. સૌને આ વાત ગળે ઊતરી ને પછી સેન્દ્રિય ખાતર જ ખેતર-વાડીઓમાં પુરાવા લાગ્યું. આવા ખાતરને એકઠું કરવામાં પણ સૌ કાળજી રાખતા. તે ત્યાં સુધી કે ઢોર તળાવે પાણી પીવા જાય તો મહિલા સૂંડલો લઇને તેની પાછળ જાય. જેથી ઢોર રસ્તામાં પોદળા કરે તો તરત લઇ લેવાય. આથી બે લાભ થયા. ખાતર તો મળવા લાગ્યું, ને સાથે રસ્તાની સ્વચ્છતા પણ વધી. પિયત ખેતીવાળા સારાં વર્ષોમાં એકરે જેટલું ઉત્પાદન મેળવે તેટલું ઉત્પાદન બિનપિયત ખેતીવાળું પ્રતાપપુર મેળવવા લાગ્યું.

ખેત વાડીઓ લહેરાય. કયારેક સીમચોરી થાય. કયારેક ભેલાણ પણ થયા..... આ માટે કરવું શું ? સીમરખા પણ કોઇ રળી ન દે. એટલે ધીરુભાએ ગામમાં સ્થાપેલ સુભાષ યુવક મંડળના સભ્યો પાસે વાત મૂકી કે આપણા ગામ અને આપણી સીમનું રક્ષણ આપણે જ કરવું જોઇએ......સૌ સંમત થયા. ધીરુભાએ જિલ્લા ગ્રામરક્ષક દળની સ્થાપના કરાવી, તાલીમ પણ મળી અને ગામનું-સીમનું રક્ષણ થવા લાગ્યું.

ગામમાં અંધશ્રધ્ધા-વહેમનું ભારે જોર, વાતવાતમાં ભુવા-દોરા-ધાગાને આશરે લોકો દોડી જાય....સુભાષ યુવક મંડળને સાથે રાખીને આ બધી અંધશ્રધ્ધામાંથી ગામને દૂર રહેવા સમજાવી શક્યા.....આજે એક પણ માણસ ભૂવા દોરા-ધાગા કે એવા ધતિંગમાં માનતો નથી. પણ વૈજ્ઞાનિક માર્ગ અપનાવે છે.

આઠ મહિન નવરાશના, ધીરુભાએ અને તેમના સાથીઓએ રસ્તો કાઢયો. રાજસીતાપુરમાં ખાદી ગ્રામદ્યોગ કેન્દ્ર ચાલે. ત્યાંથી કાચો માલ લાવી રેંટિયા-અંબર ચરખા પર સૂતર કાંતવું. આ રીતે દરરોજના આઠથી દસ રૂપિયાની રોજી આપે છે. કેટલાંકે પશુપાલનનો વ્યવસાય અપનાવ્યો. એ માટે ધીરુભાએ મહેનત કરી ગામના ખપપુરતું દૂધ રાખી વધારાનું દૂધ સુરેન્દ્રનગર ડેરીનું વાહન દૂધ લેવા આવે તેમાં ભરવું.... આથી પશુપાલકો પ્રસન્ન થયા ને આવકનું એક સાધન પણ ઊભું થયું.........ખોટા ખર્ચાઓ, કુરિવાજો વગેરે પણ બંધ થયા.

શાળામાં સંખ્યા વધતી હતી. શિક્ષકો વધતા હતાં. ઓરડાઓની ખેંચ પડતી હતી. એ બધી સુવિધાઓ મેળવવાની મથામણની સાથે સાથે ધીરુભાનું ચિત્ત અન્ય વિકાસનાં કામો માટે પણ મથતું હતું. જેને સર્વાંગી વિકાસ-કેળવણી કહે છે તેમાં પણ પોતાની સૂઝ પ્રમાણે, પોતાના સાધનો-સાથીઓ સાથે કામે લાગવું જોઇએ. અને આ ગામે તો પોતાનાં દરબારી 'વટ'ને નવો ઘાટ આપ્યો હતો. વટમાં ધાક હોય તો તે પ્રેમની, ભીતિની નહીં, અને એટલે જ 'વટ' રચનાત્મક પરિણામ લાવી શકે. તેમને થયું કુટુંબ નિયોજનની સાથે સાથે વસતિ શિક્ષણનું પણ કામ થવું જોઇએ.....તેમણે આ વાતનો પ્રસાર કરવા માંડયો.

આ વાત કરતાંની સાથે તેમના મનમાં એક ઝબકારો થયો. લોકોને કુટુંબ નિયોજન અપનાવતાં સંકોચ થાય છે. શરમ આવે છે. કશોક ડર પણ રહે છે. એટલે ૧૯૬૭માં તેમણે જ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવી દાખલો બેસાડયો તે માત્ર ૨૮-૨૯ વર્ષની ઉંમરે..... અને પછી તો ૧૯૭૧ થી ૧૯૯૧ની વસતિ ગણતરી થઇ ત્યારે વીસ વર્ષમાં પ્રતાપપુરમાં માત્ર ૬૨નો જ વસતિ વધારો થયો. જોકે આની અસર શાળાની સંખ્યા પર હવે પડવા લાગી.

ચંન્દ્રાસર તળાવને કાંઠે દોઢ એકર જમીનમાં સાતસો જેટલા વૃક્ષોનું ગ્રામવન ઊભું કર્યુ છે. શાળાનાં વિદ્યાર્થીઓ, સુભાષ યુવક મંડળને તેના ઉછેરની જવાબદારીઓ લેવડાવવામાં આવી એટલે તેઓ ઉછરી ગયાં. નિર્ધૂમ્ર ચૂલા પણ ગામમાં પ્રચલિત થાય તે માટે પણ ધીરુભા અને સાથીઓએ પ્રયાસ કર્યા.

ચંન્દ્રાસર ડેકા દેતુ તળાવ. તેમાં કદી પાણી ખૂટે નહીં. કરસનભાઇએ વિદ્યાર્થીઓને તરવાની તાલીમ આપવા માંડી. વિદ્યાર્થીઓ શાસ્ત્રીય રીતે બરાબર તરતાં શીખે એ માટે તેમણે સાહિત્ય મેળવ્યું. તરણ સ્પર્ધાઓ જોઇ. અને એ રીતે વિદ્યાર્થીઓને તૈયાર કર્યા. તરણસ્પર્ધામાં ધોરણ સાતનાં સાત વિદ્યાર્થીઓને લઇ ગયા ને એ સાતેય રાજયકક્ષાએ પ્રથમ આવ્યા. ત્યાંથી બેંગલોર તરણ સ્પર્ધા સુધી પહોંચી શકયાં. કન્યાઓ પણ આવી તરણસ્પર્ધાઓમાં ભાગ લઇ કલકત્તા, મદ્રાસ, બેંગલોર સુધી જઇ આવી...ને સુવર્ણચંદ્રક મેળવી લાવી. કબડી અને દોડ જેવી સ્પર્ધામાં પણ પ્રતાપપુર શાળા ભાગ લે જ. તો વોલીબોલ ટીમે વડોદરાની સ્પર્ધામાં ૧૯૮૯માં ગુજરાતમાં પ્રથમ આવી શિલ્ડ મેળવ્યો. સ્પોર્ટસ્ હોસ્ટેલ ગાંધીનગરની પ્રવેશ પરીક્ષામાં સાત વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા. પણ માબાપને ગાંધીનગર દૂર લાગ્યું એટલે માત્ર એક ઘનશ્યામભાઇ ઈશ્વરભાઇ માતરીયા ગયાં. આઠ થી બાર અને બી.એ. ત્યાં જ થયા ને પોતાનો રેકોર્ડ જાળવી રાખ્યો. તેઓએ રાજકોટની રાજકુમાર કોલેજમાં કોચ તરીકે સેવા આપી.

**આ ગામે તો પોતાનાં દરબારી 'વટ'ને નવો ઘાટ આપ્યો હતો. વટમાં ધાક હોય તો તે પ્રેમની, ભીતિની નહીં, અને એટલે જ 'વટ' રચનાત્મક પરિણામ લાવી શકે.**

પ્રતાપપુરમાં શિક્ષણમાં આગળ લઇ ગયા ધીરુભા. સહકાર મળ્યો સાથીઓનો....વાલીઓનો...વિદ્યાર્થીઓની અંદર પડેલી શકિતઓને બહાર લાવવાનું જ કામ પોતાનાથી થયું છે.....બાકી આ બધાનો સાથ ન હોત તો ધીરુભા વટ અને વળમાં કયાંક ખોવાઇ ગયા હોત તેમ તેઓ કહે છે.

ચંદ્રાસરની પથ્થરની બાંધેલી વાવના પથ્થર ખસી જતાં પાણીની આવમાં અવરોધ ઊભો થયો. સરકારમાં લખાપટી કરી. છેવટે ગામના માજી સરપંચ ગણેશભાઇ મોહનભાઇ ધ્રાંગધરીયાએ એક હજાર રૂપિયા સિમેન્ટ માટે આપ્યા ને પછી તો ગામ હલકયું. જોતજોતામાં સો થેલી સિમેન્ટ આવી ગઇ. ગામે સમૂહશ્રમથી એવું તો સમારકામ કર્યુ કે જાણે પથ્થરો ઊખડયા જ ન હોય.....તળાવની પાળી પરનો કચરો સાફ કરવામાં બહેનોએ પોતાનો શ્રમ આપ્યો. ત્યાં બીજી આફત આવી. તળાવમાં માછલા મરવા માંડયાં. લાગતાવળગતાતે જાણ કરી. પૃથકકરણ થયું. પાણીમાં પ્રાણવાયુનું તત્વ ઘટતા માછલાં મરે છે, તેને બહાર કાઢવામાં આવે તો પાણી બગડે. દુર્ગંધ ફેલાય ને પરિણામે રોગચાળો પણ થાય. મજૂરો વધુ પૈસા કહેતા હતા. આખરે શિક્ષકોએ નકકી કર્યુ કે આ કામ આપણે કરીએ. યુવક મંડળે સાથ આપ્યો. ઝારા અને કંતાન તળાવમાં નંખાયાં, ગામ આખું દુર્ગંધ મારતાં માછલાઓને બહાર કાઢવામાં લાગી ગયું. ત્યારે ધીરુભા પણ એમાં સામેલ હતાં. માછલાં સાત ખાડામાં દાટયાં. એક વર્ષ પછી તે ખાડા ખોલવામાં આવશે ને તેના ખાતરની હરાજી થશે.

પ્રતાપપુરમાં દલિતોનાં આઠ ઘર. તેઓ તળાવનું પાણી પીતા. ૧૯૬૭માં ગામકૂવેથી સૌની સાથે જ પાણી ભરવા લાગ્યાં. આ ક્રાંતિથી થોડાનાં મન કચવાયાં. પણ પછી બધુ સમાન થઇ ગયું.

ધીરુભા પોતાનું કામ કરતાં હતાં. કોઇએ તેમને કહયું. તમે શ્રેષ્ઠ શિક્ષકની સ્પર્ધામાં ઊભા રહો. તેમને આ ન ગમ્યું.... શિક્ષક પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા સ્પર્ધામાં ઊભો રહે તે ઉચિત ન લાગ્યું.....પોતાની શ્રેષ્ઠતા પોતાનું કામ સાબિત કરે. લોકોના હૈયામાં પોતા માટેનો ભરોસો એ જ તેની શ્રેષ્ઠતા...છતાં સાથીઓ, ગામલોકો, અધિકારીઓ આગ્રહ કરતાં રહયાં. 'વળ' છૂટી ગયો હતો એટલે 'નમી' પડયા ને ભાગ લીધો....૧૯૯૩માં તેઓને રાજય સરકારનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળ્યો. તેમાં મળેલા રૂપિયા પાંચ હજારમાં એકસો અગિયાર રૂપિયા ઉમેરી તેમણે તે શાળાને આપી દીધાં.... આ શાળાએ મને માન અપાવ્યું છે. આ ગામે મને દાનવમાંથી માનવ બનાવ્યો છે...ગામના મેણાએ મને 'વટ'નો સવળો અર્થ આપ્યો ને એનું જ આ પરીણામ છે....ને ત્યારે હનુભાના અને મોટાબાપુના શબ્દો યાદ આવી ગયા : ***'શિક્ષક થવું સહેલું નથી.....***

## મા ને લાગું ભોળો...

*રાજેશ મહેતા, સતાપર પ્રા.શાળા*

મારી માનો ખોળો
હૈયા સરખો હૂંફાળો ને પૃથ્વીથી યે પ્હોળો
હું હસું તો રુવે-રુવે,
મા જાણે હરખાતી
મારી આંખો રડતી ત્યારે,
મા મનમાં કચવાતી
માનો હાથ ફરે ત્યાં મનમાં મીઠી મધમધ છોળો
મારી માનો ખોળો....
નિશાળેથી આવું ત્યારે,
કરતી વ્હાલી-વ્હાલી
મા વગરનું ઘર તો જાણે,
લાગે ખાલી-ખાલી
સૌને લાગું તોફાની ને માને લાગું ભોળો
મારી માનો ખોળો.....
મારી બોલી, મારી ભાષા,
માને બસ સમજાતી
સૌની પહેલા ખવડાવેને,
મારું એઠું ખાતી
હેત, પ્રેમ ને સંબંધોનો મા જાણે સરવાળો..
મારી માનો ખોળો.....

## રોજ નિશાળે જાવું......

રોજ નિશાળે જાવું...
ભણવું-ગણવું, રમવું-ભમવું, ગાવુંને હરખાવું..
સૌની પહેલા જાગી જાઉં,
વહેલો ઊઠું, ઝટપટ ન્હાઉં,
દફતર-પાટી લઇને બેસુ,
લેશન કરવા લાગી જાવું.
પપ્પા જેવા બુટ પ્હેરીને ભણવા માટે જાવું....
ટીચર મારાં સુંદર કેવા!
શીખવે જાદુ-મંતર એવા !
સાચેસાચું કહું છું તમને,
મારા મમ્મી પપ્પા જેવા !
ભણતર છે ભાઇ ભાર વિનાનું આવ તને સમજાવું
રોજ નિશાળે જાવું.........

❖

## વરસાદે નાહયા...

એવા તો વરસાદે નાહયા.....
હાથોમાં હાથ લઇ, ભેરુંનો સાથ લઇ,
મનગમતા ગીતો સૌ ગાયા
સરસરતા પાણીમાં, ફરફરતા કાગળની
છૂટી મૂકી છે મેં તો હોડી,
ખાડા-ખાબોચિયામાં સ્હેજે અટવાય તો
પકડી લઉં ફટ એને દોડી
લાગી મેહુંલિયાની માયા.....
એવા તો વરસાદે નાહયા.....
સુંવાળા પથ્થરની વચ્ચેથી ફૂટેલી
સરવાણી પાણીની વહેતી
ગમતીલા ગલગલિયા એવા તો થાય જયારે
પગ નીચે સરકે છે રેતી
ન્હાવાથી તોય કયાં ધરાયાં ?
એવા તો વરસાદે નાહયા.
કેવા સૌ વારસાદે નાહયા !

❖

## બેકારના ?????

*વિપિન પરીખ*

હરિ,
તને લાચારીનો રોટલો પીરસવામાં આવે
તો તું શું કરે ?
જમે-પાછો ઠેલે ?

તને આમંત્રણ આપવામાં આવે
ને પછી
મોં સામે ફટાક કરી
બંધ કરવામાં આવે જો દ્વાર
તો
તારાં નયન શું કરે ?
ભભૂકી ઊઠે ? - રડી પડે ?

માર્ગમાં
નિર્દોષ ભાવે કોઇ સળગતો પ્રશ્ન પૂછી બેસે
‘કયાં છો હમણાં ?’
તો તું શું કહે ? જમીન શોધે ?

દસથી છ કામ પર ગયાનો ડોળ કરી
સાંજે પાછો ફરે ઘરે
અને રીટા ત્યારે પૂછે :
‘પપ્પા’ શું લાવ્યા ?
ત્યારે તું મીઠી ખોલે કે બંધ કરે ?

રાત્રે પથારીમાં
પથારીમાં કણસતાં-કણસતાં
પડખું બદલતાં
કોઇ ઘેનભર્યા સ્વરે પૂછે :
‘તમને ઊંઘ નથી આવતી ?’
તો
તું સૂવાનો ઢોંગ કરે ?
હરિ, તું શું કરે ?

❖

## ઇશુ તથા શ્રી મોહનદાસ ગાંધીને

***વિપિન પરીખ***

માણસ નામે નબળું પ્રાણી
એની ઊંઘ એને ઘણી વહાલી !
તમે અચાનક એને ઢંઢોળો તો
ક્રોધથી ગાંડોતૂર થઇ
ક્રોસ ઉપર તમને લટકાવે નહીં તો શું કરે ?
અથવા
હાથમાં જો બંદૂક આવે તો શું તમને જતા કરે ?
તમે તો સર્વજ્ઞાની-
આટલું પણ નહીં જાણ્યું કે
કાચી ઊંઘમાંથી કોઇને જગાડાય નહીં ?

❖

## ચકલી

*જુગતરામ દવે*

આવીને ઊડી ના જઇશ,
ઓ ચકલી ! આવીને ઊડીના જઇશ !
તને ચપટી ચવાણું દઇશ,
ઓ ચકલી ! આવીને ઊડીના જઇશ !
તને ખોબલે પાણી પાઇશ,
ઓ ચકલી ! આવીને ઊડીના જઇશ !
તને ધૂળમાં રમવા દઇશ,
ઓ ચકલી ! આવીને ઊડીના જઇશ !
તને ખોળામાં બેસવા દઇશ,
ઓ ચકલી ! આવીને ઊડીના જઇશ !
તને ઘરમાં રહેવા દોઇ,
ઓ ચકલી ! આવીને ઊડીના જઇશ !
તને માળો બાંધવા દઇશ,
ઓ ચકલી ! આવીને ઊડીના જઇશ !
તારાં બચ્ચાંને ઊભી ઊભી જોઇશ,
ઓ ચકલી ! આવીને ઊડીના જઇશ !

❖

## ઝાડ મને લાગે નહીં પરાયાં....

*સુરેશ દલાલ*

મને એક એક ઝાડની માયા
કે ઝાડ મને લાગે નહીં કોઇ દિ’ પરાયાં.
ઝાડ ઉપર ફૂલ થઇ ફૂટું ને
પંખી થઇ બાંધુ હું માળો,
ખિસકોલી થઇને હું દોડયા કરું છું, ભલે
ઉનાળો હોય કે શિયાળો
એક એક ઝાડની છાયાં
કે ઝાડ મને લાગે નહીં કોઇ દિ’ પરાયાં

ઝાડની હું ડાળી ને ઝાડનું થડ હું તો
પાંદડા ને ઝાડનું હું મૂળ છું.
ઝાકળની જેમ હું તો વળગું છું ઝાડને,
સોનેરી કિરણોની ધૂળ છું.
લીલા લીલા વાયરા વાયા,
કે ઝાડ મને લાગે નહીં કોઇ દિ’ પરાયાં